# અસ્મદીયમ્

અમારી પરંપરા

J — JOB
is
J — joyful
K — KEEP ON GOING
if you
G — Growing Up
T — TRANSFORMING
&
C — CREATING CONTENT



## Smt. J. J. Kundalia Graduate Teachers' College

Sant Kabir Road, Bedipara, Rajkot (Gujarat) - 360003. Ph. : 0281 - 2701773

Email : jjkbed@gmail.com | Blog : jjkbed.blogspot.in | Website : jjkbed.org

## સંસ્થાના આદ્યસ્થાપક



# સ્વ. શ્રી લાભુભાઈ ત્રિવેદી

સમાજની સેવા નેમ સાથે જીવન સમર્પિત કરી વિદ્યાર્થી આગેવાનથી માંડી યુનિવર્સિટીનાં સેનેટ, સિન્ડિકેટ અને અંતે વાઈસ ચાન્સેલર સુધીની દીર્ઘ યાત્રામાં હંમેશા સેવા ભાવથીજ જીવ્યા.
શ્રી મહાત્મા ગાંધી ચેરીટેબલ ટ્રસ્ટ અનેક સંસ્થાઓ ઊભી કરી હંમેશા King બનવાને બદલે King Maker બની રહ્યા તેમના ભાવો તેમના જ શબ્દોમાં... પ્રણામ... વંદન.

**કોઈ એક વખત અંધકાર આગળ આવે, તો કોઈ વખત અજ્ઞાન આવે છે,**
**કોઈ વખત બંને સાથે પણ આવે છે. એથી શું ?**
**તમારે તો એમાથીયે માર્ગ કાઢવાનો છે. તમારે તો, પ્રકાશ અને જ્ઞાન સહોદિત દિપક,**
**જલવંત રાખવાનાં છે. પરોપકાર અને પ્રશંસાના પરિમલ પ્રસરાવવાનાં છે.**

**–શ્રી લાભુભાઈ ત્રિવેદી**

તમારા શુભ સંકલ્પો ચારે દિશાને સર કરશે,
અને તમારા મૂલ્યો જ, અમારું જતન કરશે.

હાર કહો તો હાર, જીત કહો તો જીત.
નાના કહો તો નાના અને મોટા કહો તો મોટા.
ખેલદીલીથી ખેલીએ, હસતાં હસતાં ઝેલીએ ! દોડાય એટલું દોડીએ.
સારા માર્ગે ચાલીએ અને સૌનું સારું ઇચ્છીએ.

–શ્રી લાભુભાઈ ત્રિવેદી

# અસ્મદીયમ્

## અમારી પરંપરા

## Smt. J. J. Kundalia Graduate Teachers' College

Sant Kabir Road, Bedipara, Rajkot - 360003.
Email : jjkbed@gmail.com / Website : jjkbed.org
Blog : jjbed.blogspot.in

# શુભેચ્છા સંદેશ



**મનસુખભાઈ જોષી**

મેનેજીગ ટ્રસ્ટી,
મહાત્મા ગાંધી ચેરીટેબલ ટ્રસ્ટ,
રાજકોટ

**સ્નેહીશ્રી, જે. જે. કે. બી.એડ્. કોલેજ પરિવાર.**

જે.જે. કુંડલિયા બી. એડ્. કોલેજ પરિવાર દ્વારા શિક્ષણ ક્ષેત્રે જે ઉત્તમ ખેડાણ થઈ રહ્યુ છે તેમાનું એક એટલે કે, ''અસ્મદીયમ'' અંકનું સંકલન અને સંપાદન. ભાવિ શિક્ષકોને વાંચતા, વિચારતા અને લખતા કરવા એજ શિક્ષણ પ્રશિક્ષણની કોલેજની સૌથી મોટી સિદ્ધિ છે. વિદ્યાર્થીમાં પ્રથમથી જ રહેલી પૂર્ણતાને પ્રગટાવવાની સ્વામી વિવેકાનંદજીની શૈક્ષણિક સંકલ્પનાને સાકાર કરવી એ ખૂબ જ કપરૂ કામ છે. આ દિશામાં સંસ્થાનાં સૌ સ્ટાફમિત્રો અને પ્રશિક્ષાર્થીમિત્રો હર હંમેશ પ્રયત્નશીલ રહેલા છે તેનો હું સાક્ષી છું.

સૌ સારસ્વત મિત્રોનાં હિતમાં થઈ રહેલ આવા ઉત્તમોત્તમ કાર્ય માટે ઈશ્વર આપને શકિત, સમય અને સત્ય નિષ્ઠા અર્પે તેવી શુભાશિષ સહ...

**મનસુખભાઈ જોષી**
મેનેજીગ ટ્રસ્ટી,
મહાત્મા ગાંધી ચેરીટેબલ ટ્રસ્ટ,
રાજકોટ

# શુભેચ્છા સંદેશ



**ડો.અલ્પનાબેન એલ.ત્રિવેદી**

ટ્રસ્ટી
મહાત્મા ગાંધી ચેરીટેબલ ટ્રસ્ટ
રાજકોટ.

**સ્નેહીશ્રી, જે. જે. કે. બી.એડ્. કોલેજ પરિવાર.**

જે.જે. કુંડલિયા બી. એડ્. કોલેજ પરિવાર પોતાની સફળ વિકાશ યાત્રાની યાદગાર પ્રવૃતિઓનું, સિદ્ધિઓનું અને વિદ્યાર્થીઓની મૌલિક સર્જન શકિતનું પ્રકાશન કરવાની દિશામાં આગળ વધી રહી છે તે જાણી આનંદ અને ગૌરવની લાગણી અનુભવાય છે.

શિક્ષણનું ધ્યેય શ્રેષ્ઠ વ્યકિતનું નિર્માણ કરવાનું છે અને શિક્ષકોને પ્રશિક્ષીત કરતી અમારી આ સંસ્થામાં પ્રશિક્ષણાર્થીઓનાં Head, Hand & Heart (ગાંધીજીની 3H ની કેળવણીની સંકલ્પના) ના સર્વાંગીણ વિકાસ કરવા તત્પર રહેતા નિષ્ઠાવાન અને નિપુણ અધ્યાપક મિત્રો તથા સંસ્થાના સૌ કર્મઠ કર્મચારીઓને આ તકે વિશેષ શુભેચ્છા પાઠવી અને બિરદાવું છું.

ભાવિ શિક્ષક મિત્રોને આ સંસ્થામાથી મળેલ પવિત્ર વ્યવસાયની આ તાલીમ ભાવિ જીવન માટે કેળવણીની વણથંભી વિકાસ યાત્રા બની રહે અને આપ સૌ શિણક્ષેત્રે કાર્યક્ષેત્રમાં દિન પ્રતિદિન વૃદ્ધિ કરી સાચા અર્થમાં ભારતના ભાવિ ઘડવૈયા બની રહો એવી અંતરની શુભકામનાઓ સહ...

**ડો.અલ્પનાબેન એલ.ત્રિવેદી**

ટ્રસ્ટી
મહાત્મા ગાંધી ચેરીટેબલ ટ્રસ્ટ
રાજકોટ.

# અનુક્રમણિકા


| નં. | અનુક્રમણિકા | કર્તા |
|---|---|---|
| ૧. | સંપાદકનો સંવાદ | સંપાદક ટીમ |
| ૨. | આચાર્યશ્રીની કલમે... | ડૉ. ચિરાગ એચ. માઢક |
| ૩. | મહાત્માં ગાંધી ચેરીટેબલ ટ્રસ્ટ | ટ્રસ્ટ પરિવાર |
| ૪. | ટ્રસ્ટ સંચાલિત વિવિધ સંસ્થાઓ | ટ્રસ્ટ પરિવાર |
| ૫. | A Brief View of the Institution... | કોલેજ પરિવાર |
| ૬. | સંસ્થાની વિવિધ સુવિધાઓ | કોલેજ પરિવાર |
| ૭. | સંસ્થાનાં ભૂતપૂર્વ ઘડવૈયાઓ... | કોલેજ પરિવાર |
| ૮. | સંસ્થાના વર્તમાન કર્મચારીઓ | કોલેજ પરિવાર |
| ૯. | સંસ્થાનું ઝળહળતું પરિણામ | કોલેજ પરિવાર |
| ૧૦. | વિદ્યાર્થી પ્રતિભાવ | પ્રશિક્ષાર્થીઓ |
| ૧૧. | Smart Class-rooms by Smart-boards | ડૉ. ચિરાગ એચ. માઢક |
| ૧૨. | શિક્ષણ :જીવન વિકાસની પ્રક્રિયા | ડૉ. નિશા સી. રાણીગા |
| ૧૩. | Using Social Media As Teaching-Learning Tool | ડૉ. અલ્પેશ જી. નાકરાણી |
| ૧૪. | પ્રશિક્ષાર્થીઓની અભિવ્યકિત | પ્રશિક્ષાર્થીઓ |
| ૧૫. | કચકડે કંડારેલી સ્મૃતિઓ | કોલેજ પરિવાર |
| ૧૬. | પ્રશિક્ષાર્થીઓની અભિવ્યકિત | કોલેજ પરિવાર |
| ૧૭. | શૈક્ષણિક વેબસાઈટ... | પ્રશિક્ષાર્થીઓ |

# સંપાદકનો સંવાદ

નમસ્કાર,

દ્વિવાર્ષિક બી.એડ્. અભ્યાસક્રમ થયા બાદ સૌપ્રથમ પ્રશિક્ષિત ભાવિ શિક્ષકો શિક્ષણકાર્ય માટે સજ્જ બન્યા છે ત્યારે આ પ્રસંગને વધુ યાદગાર બનાવવા પ્રશિક્ષાર્થીઓના બંને વર્ષના સંભારણા શબ્દોરૂપે અને તસ્વીરોરૂપે કંડારી પ્રસ્તુત દ્વિવાર્ષિક અંક 'અસ્મદીયમ્' રજૂ કરતા અનેરી લાગણી અનુભવીએ છીએ.

શ્રીમતી જે. જે. કુંડલિયા ગ્રેજ્યુએટ ટીચર્સ કોલેજની છેલ્લા ચાલીસ વર્ષથી અવિરત પ્રશિક્ષણયાત્રા અતિ ગૌરવપ્રદ રહી છે. સંસ્થાના અનુભવી અધ્યાપકો દ્વારા વિદ્યાર્થીઓને સર્જનાત્મક અભિવ્યકિત અને સુષુપ્ત શકિતઓ જાગ્રત કરવાના હેતુથી વાર્ષિક સામયિક પ્રકાશિત કરવામાં આવે છે. સમગ્ર વર્ષ દરમિયાન થયેલ પ્રવૃતિઓ, વિદ્યાર્થીઓની અભિવ્યકિત, સાહિત્ય સર્જન, કલાને પ્રકાશિત કરવા સતત પ્રયત્નશીલ રહયા છીએ.

વર્ષ ૨૦૧૫-૧૭ અને ૨૦૧૬-૧૮ વર્ષના પ્રશિક્ષાથીઓ દ્વારા સર્જાયેલ સાહિત્ય અને તેમની અથાગ મહેનત તેમજ નિષ્ઠાપૂર્વકના પ્રયાસોથી કોલેજ સહ અભ્યાસિક પ્રવૃતિથી ધબકતી રહી છે. પ્રસ્તુત અંક તેમની આ કલામય અને પરિશ્રમયુકત અભિવ્યકિતનુ પ્રતિબિંબ બની રહેશે તેવો અમોને વિશ્વાસ છે.

પ્રસ્તુત અંક પ્રકાશન તેમજ સંસ્થામાં થતી સર્વ પ્રવૃતિઓને હંમેશા બિરદાવતા, માર્ગદર્શન આપતા અને સતત પ્રરણાનો સ્ત્રોત એવા સંસ્થાના મેનેજીંગ ટ્રસ્ટી શ્રી મનસુખભાઈ જોષી અને ટ્રસ્ટી ડો. અલ્પનાબેન ત્રિવેદીનો આ તકે અંતઃકરણપૂર્વક આભાર વ્યકત કરીએ છીએ.

સામયિકના પ્રકાશનમાં સહકાર આપનાર સૌનો આભાર સહ....

-સંપાદક ટીમ

ડો. ચિરાગ માઢક

ડો. નિશા રાણીંગા

ડો. અલ્પેશ નાકરાણી

પ્રશિક્ષાર્થી યુવા સંપાદકો

ગોસાઈ પાયલ

જરેર સુનિતા

પટોડીયા જેનીશા

જોગલ શાંતિ

રાઠોડ શૈલેષ

ઓડેદરા ભાવેશ

સાવલીયા અક્ષય

સાપરીયા ઉમંગ

જોષી સંજય

## આચાર્યની કલમે...



**Dr. Chirag H. Madhak**
**(In-charge Principal)**
**Smt. J. J. Kundalia Graduate Teachers' College,**

"ગર સંગ પથ્થર તરસદૃં, પથ્થર ખુદા બન જાયે
ગર ઇન્સાન તરાસદૃ તો ખુદા જાને ક્યા બને"

જેમની અમીદ્રષ્ટિથી માણસ ભવસાગર તરી જાય તેવા ન્યાલભગત આશ્રમના શ્રી રામલાલા તથા શારદામ દેવીની જેમના પર અસિમ કૃપા વરસી છે તેવી વિરલ વિભૂતિ અને અમારી સંસ્થાના આદ્યસ્થાપક સ્વ.શ્રી લાભૂભાઈ ત્રિવેદીની ચૈતસિક પ્રેરણાથી શ્રીમતી જે.જે.કે.જી.ટી.સી.ના આ વાર્ષિક પ્રવૃતિ અહેવાલ અને વિદ્યાર્થીઓની મૌલિક સર્જનશક્તિ આપ સર્વે સુજ્ઞ સારસ્વતો સમક્ષ રજૂ કરતાં આનંદ અને ગૌરવની લાગણી અનુભવાય છે.

પ્રવર્તમાન શિક્ષણ પ્રણાલી કઈક અંશે વિદ્યાર્થીઓના હૈયા , મસ્તક અને હાથની એક જ સુચારું શરીર રચનાને કેળવતી કે શિક્ષિત કરતી વખતે જુદું જુદું કરી અલગતાવાદ ઊભો કરે છે. માનસિક, સાંવેગીક અને શારીરિક પાસાઓ વિકસાવવાના જુદાપણાંની સાથે વિદ્યાર્થીને પોતાના સામાજિક , આર્થિક, ધાર્મિક અને સાંવે ગિક રીત-રિવાજોથી પણ વિમુખ કરી મૂકે છે. પ્રવર્તમાન સમયનો (માર્કસ) ગુણાનુબંધ ધરાવતો વિદ્યાર્થી જીવન મુલ્યો તથા મૂલ્યશિક્ષણના પાઠોમાથી નીતરતા જીવનલક્ષી સત્યથી વેગળો થતો જાય છે તેવા સમયે અમારી સંસ્થા ના સૌના સહિયારા પ્રયાસથી ત્રિ પાદ (હૈયું, મસ્તક અને હાથના વિકાસની) વિકાસોન્મુખ યાત્રા કરી તેનો અહેસાસ માત્ર મારા લખવા કે બોલવામાં કે આમાં રજુ થતી પ્રવૃતિના ફોટા કે અહેવાલ પૂરતું સીમિત ન બની રહેતા સમાજની પ્રતિષ્ઠિત શૈક્ષણિક સંસ્થામાં પ્રતિનિધિત્વ કરી રહેલા આ સંસ્થામાથી ઘડાયેલા શિક્ષકોની કાર્યપ્રણાલી પરથી કે શિક્ષણની ધુરા સંભાળનારા સંસ્થાના ભુતપૂર્વ વિદ્યાર્થીઓના જીવન-કવન પરથી ચરિતાર્થ થતું અનુભવી શકાય છે.

આ સંસ્થાની પ્રવર્તમાન ધુરા સંભાળનાર શ્રી મનસુખભાઇ જોષી સાહેબ આ ઉમરે પણ આટલું કાર્ય કરે તથા અમારી દરેક પ્રવૃતિમાં હાજરી આપી અમને ઉત્સાહ અને પ્રેરણા પૂરા પાડે તે બદલ તેમના માટે ગાંધીજીને મળેલ "નવ યુવાન ડોસલા" નું બિરુદ પણ ટૂંકું પડે તેવા ઉત્સાહ અને જુસ્સો તેઓશ્રીએ અમોને હર હંમેશ પૂરો પાડ્યો છે

"ગુરૂ" ના જ અંશ એવા અમારા યુવા ટ્રસ્ટીશ્રી ડો. અલ્પનાબેન ત્રિવેદીએ ટ્રસ્ટી તરીકે નહીં પરંતુ અમારા વડીલ મોભી તરીકે અમારી બધીજ પ્રવૃ ત્તિઓમાં પ્રેરણા,હુફ અને પ્રોત્સાહન પૂરા પાડયા છે. કોલેજના સફળ અને સુચારું સંચાલન માટેનો સંપૂર્ણ શ્રેય તેઓશ્રીને જ આપવો ઘટે. કેમ કે શૈક્ષણિક , વહીવટી કે સહ-અભ્યાસિક પ્રવૃત્તિ માટે વગર માંગ્યે કે સામેથી સર્વ પ્રકારની સગવડ પૂરી પાડી છે. મુક્ત મને કામ કરવાની સ્વતંત્રતા અને ક્યારેય જાણ્યે અજાણે થતી ભૂલો બાબતે પરિવારના વડીલની જેમ સમજાવીને ધ્યાન દોરવા ની ક્ષમતા "ગુરુ દીકરી" માં જ હોઈ શકે. અમો આ સંસ્થાની ધુરા સંભાળતા સર્વે ટ્રસ્ટીશ્રીઓને ભવિષ્યમાં પણ શ્રેષ્ઠ કાર્યો કરવા બાહેંધરી આપીએ છીએ.

આ સંસ્થામાં પ્રવેશ મેળવતા વિદ્યાર્થી કઈ સામાજિક , આર્થિક, રાજકીય કે ધાર્મિક પરંપરા લઇને આવે છે તે નહીં પરંતુ અહીથી શિક્ષિત અને દિક્ષિત થઇને તે ક્યાં જાય છે? કેવા પ્રકાશિત બની માર્ગદર્શક ભૂમિકા ભજવે છે તે

જોવાનું કાર્ય સમગ્ર જે.જે.કે. બી.એડ. પરિવાર કરી રહ્યો છે.

મારા આચાર્ય તરીકેના કાર્યકાળ દરમ્યાન જો એમ કહું કે સમગ્ર બે વર્ષ દરમ્યાન પ્રાધ્યાપક-પ્રશિક્ષણાર્થી બંને પક્ષે ઉત્કૃષ્ટ કર્મલીનતાનું દર્શન કરાવ્યુ છે તો તેમાં સહેજેય આશ્ચર્ય પામવા જેવુ કે અતિશયોક્તિ ભરેલું નથી જ. ટેક્નોલોજીના ગુરુ તરીકે સુપ્રસિદ્ધ અલ્પેશભાઈ હોય કે વિજ્ઞાન જેવા વિષયને સુંદર કલાત્મક રીતે શીખવતા નિશાબેન હોય... આ કોલેજની શૈક્ષણિક સિદ્ધિમાં ઊતરોત્તર વધારો કરવામાં આ બંને મિત્રો મારી બે મજબૂત ભુજાઓ બની ઊભરી આવ્યા છે.

કોલેજની અભ્યાસિક કે સહ -ભ્યાસિક સંબંધિત કે કોલેજની અંદરની કે બ હારની કોઇ પણ પ્રવૃ ત્તિ સંબંધિત સમસ્યાઓનો એક માત્ર હલ એટલે અલ્પેશભાઇ. તેમની સંસ્થા માટેની કાર્યપ્રણાલીને એક શબ્દમા જો કહેવી હોય તો જે.જે.કે.જી.ટી.સી. માટેની “૧૦૮”ની સેવા કહી શકાય.

૧૦૦ માંથી ૮૦ થી વધુ પ્રશિક્ષાર્થી તરીકે જ્યારે વિદ્યાર્થીની બહેનો હોઇ ત્યારે તે તમામની ફ્રેંડ , ફિલોસોફર અને ગાઇડ બની શકનાર એક માત્ર મહિલા પ્રાધ્યાપક તરીકે નિશાબેન મારી અને અલ્પેશભાઇ કરતા વધુ કાળજી લઇને પ્રશિક્ષાર્થી બહેનોની કોલેજની કે અંગત કે સ્વાસ્થ્ય સબંધિત બધી જ સમસ્યાને એકલે હાથે –હસતા મોઢે – ને સુંદર સસ્મિત ચહેરે પહોચી વળી અમારી ઘણી ચિંતા હળવી કરે છે.

સંકટ સમયે વાહનમા સ્પેર વ્હીલની જે મહત્વની ભુમિકા હોય તેમ અમારી મર્યાદાના સમયે અમારી વ્હારે આવતા ખંડ સમયના પ્રાધ્યાપક તરીકે શ્રી પૂજાબેન શાહ તથા શ્રી બી. એમ. ગોસાઇ સાહેબે અમારા સૌનુ કાર્ય બખુબી સંભાળી લઇ મજબૂત સહારો પુરો પાડ્યો છે પણ સફળ સંસ્થાના સંચાલનમાં જેટલી શૈક્ષણિક કાર્યની ભુમિકા તેનાથી પણ વધુ ભુમિકા વહિવટી કાર્યની છે. અમારી સંસ્થમાં સાયન્સ લેબ કે પુસ્તકાલય કે કોઇ પણ પ્રકારના વહીવટી કાર્યને સંભાળનાર એક માત્ર વ્યક્તિ શ્રી રેખાબેન સગપરીયા. આ સંસ્થાના પ્રશિક્ષણાર્થીઓ સંદર્ભ પુસ્તકો અને શૈક્ષણિક સાધનો અને ટેક્નોલોજીના ઉપયોગ માટે જાણીતા છે. તેમને શૈક્ષણિક સંદર્ભ પૂરા પાડવા માટે પુસ્તકાલય કે શૈક્ષણિક સાધનો અપાવવા , વિજ્ઞાન લેબમાં હર હંમેશા હસતાં મોઢે વિદ્યાર્થીઓને સહકાર આપવા તત્પર રહેતા શ્રી રેખાબેન સગપરિયા ની મૂક સેવક તરીકેની કાર્યપ્રણાલી પ્રસંશાને પાત્ર છે. અમારા આર્થિક પાસાને સંભાળતા કુબેર ભંડારી જેવા ખજાનચી કે અકાઉંટંટ શ્રી વજુભાઈ મૂલીયાની કામગીરી અત્યંત પ્રશંસનીય છે .

સંસ્થાની ભૌતિક સુખસગવડને સાંચવવા અને માવજત કરવાનું કામ તથા સમય પહેલા કોલેજ ખૂલે અને સમય બાદ કોલેજ બંધ થાય તેનો સંપૂર્ણ યશ શ્રી ગીતામાસી, લલિતામાસી તથા દેવાભાઈને ફાળે જાય છે. રજાના સમયે પણ હસતાં મોઢે આવવાની હા પાડતાં ફોર્થ ક્લાસના કર્મચારીઓની ભૂમિકાઓ સફળ ફિલ્મમાં પડદા પાછળના કલાકાર કરતાં પણ વધુ મહત્વ ની છે. અમને વહીવટી કાર્યમાં સલાહ સૂચન આપનાર ભૂપેશભાઈ વ્યાસ તથા ભરતભાઈ રાચ્છનો પણ આ તકે ઋણસ્વીકાર કરું છુ મારા 2015 -17 અને 2016 18 ના સર્વે પ્રશિક્ષણાર્થી તો આ સંસ્થાનો આત્મા છે. પડ્યો બોલ જીલીને શિક્ષણ પ્રશિક્ષણની અન્ય સંસ્થાઓમાં આ સંસ્થાને શિરમોર કે દિવાદાંડી રૂપ બનાવવામાં તેમનો સહયોગ અવિસ્મરણીય અને અદ્વિતીય છે.

અને અંતમાં અમને શૈક્ષણિક અને બી.એડ. અભ્યાસક્રમ અંતર્ગત પ્રાયોગિક કાર્યમાં સહકાર આપનાર સર્વે શૈક્ષણિક સંસ્થાના આચાર્યશ્રીઓ તથા સહયોગી બનનાર નામી અનામી સર્વેનો અંતઃકરણપૂર્વક આભાર માનું છું.

અસ્તુ.....
વિદ્યાર્થી દેવો ભવ :
શિક્ષણ દીપ જલતો રહે....
વંદે સરસ્વતી ..................

# મહાત્મા ગાંધી ચેરીટેબલ ટ્રસ્ટ

રાજકોટ શહેર અને સમગ્ર સૌરાષ્ટ્રના શિક્ષણ ક્ષેત્રે છેલ્લા ૫૦ વર્ષથી અવિરતપણે શિક્ષણ વિકાસ માટે ભગીરથ પુરુષાર્થ દ્વારા ગૌરવભરી પ્રતિષ્ઠા મહાત્મા ગાંધી ચેરીટેબલ ટ્રસ્ટે હાંસલ કરી છે. ખાસ કરીને ટ્રસ્ટના આદ્યસ્થાપક ગુરુ સ્વ.શ્રી લાભુભાઇ ત્રિવેદી દ્વારા સ્થપાયેલ અને વિકસાવેલ સંસ્થાઓએ અવિરત પ્રગતિ સાધી છે.

ટ્રસ્ટની કુલ ૨૮ વિવિધ શૈક્ષણિક વિદ્યાશાખા સંબધિત સંસ્થાઓ કાર્યરત છે. આ ઉપરાંત સેવાયજ્ઞ તો શરૂ જ હોય છે જેમા રકતદાન શિબિરો, આરોગ્ય શિબિર, રાહતકાર્યો , અપંગ તથા રકતપિતમૂકત દર્દીઓને પુનઃ વસન સાધન સહાય, અનાથ આશ્રમો, વૃધ્ધાશ્રમોને સહાય, વનસ્પતિપ્રદર્શન વગેરેનો પ્રવાહ સતત નિઃ સ્વાર્થ ભાવે વહેતો રાખે છે. ટ્રસ્ટના ભૂતપૂર્વ ચેરમેન સ્વ.શ્રી જયંતિભાઇ કુંડલિયા, ટ્રસ્ટીશ્રી સ્વ.અશ્વિનભાઇ મહેતા, ટ્રસ્ટીશ્રી સ્વ. ડો. ઉર્મિલાબેન પટેલના સિંચનથી ટ્રસ્ટની સેવા સુવાસ વધુને વધુ પ્રસરી છે.

પ્રવર્તમાન મેનેજીંગ ટ્રસ્ટીશ્રી મનસુખભાઇ નું સરળ, સહજ, હકારાત્મક વલણ હંમેશા જોમ પુરુ પાડે છે. ટ્રસ્ટીશ્રી ડો. અલ્પનાબેન ત્રિવેદીનું સદાયે સ્મિત વેરતુ મુખ, કાર્ય કરવાની તમન્ના, નિષ્ઠા વધારે છે. સંસ્થાની પ્રગતિલક્ષી દરેક પ્રવૃત્તિઓમાં તેમનો મજબુત આધાર અમોને સદાયે સમાજને વિશિષ્ટ યોગદાન માટે પ્રવૃત રાખે છે.

## ટ્રસ્ટી મંડળ



**શ્રી ઉષાકાંતભાઈ માંકડ**
ટ્રસ્ટીશ્રી



**શ્રી મનસુખભાઈ જોષી**
મેનેજીંગ ટ્રસ્ટી



**ડો. અલ્પનાબેન ત્રિવેદી**
ટ્રસ્ટીશ્રી



**સ્વ. ડો. ઉર્મિલાબેન પટેલ**
ભુતપૂર્વ ટ્રસ્ટીશ્રી

**ભાવપુર્વકના શ્રધ્ધા સુમન અર્પણ**



**સ્વ. શ્રી અશ્વિનભાઈ મહેતા**
ભુતપૂર્વ ટ્રસ્ટીશ્રી

## મહાત્મા ગાંધી ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા સંચાલિત સંસ્થાઓ

| ક્રમ | સંસ્થા | સ્થાપના વર્ષ |
|---|---|---|
| ૧ | કસ્તુરબા પ્રાથમિક વિદ્યાલય | ૧૯૬૫ |
| ૨ | લાલ બહાદુર શાસ્ત્રી પ્રાથમિક વિદ્યાલય | ૧૯૬૬ |
| ૩ | લાલ બહાદુર શાસ્ત્રી વિદ્યાલય બોયઝ હાઈસ્કૂલ | ૧૯૬૬ |
| ૪ | શ્રીમતી જે.જે. કુંડલિયા કોમર્સ કોલેજ | ૧૯૬૯ |
| ૫ | લાલ બહાદુર શાસ્ત્રી કન્યા વિદ્યાલય | ૧૯૭૦ |
| ૬ | સરદાર પટેલ પ્રાથમિક (હાઈસ્કૂલ) | ૧૯૭૦ |
| ૭ | સરદાર પટેલ પ્રાથમિક વિદ્યાલય | ૧૯૭૦ |
| ૮ | શ્રીમતી જે.જે. કુંડલિયા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ (અગ્રેજી માધ્યમ) | ૧૯૭૩ |
| ૯ | લાલ બહાદુર શાસ્ત્રી પ્રાથમિક વિદ્યાલય (અગ્રેજી માધ્યમ ) | ૧૯૭૪ |
| ૧૦ | કસ્તુરબા કન્યા વિદ્યાલય (હાઈસ્કૂલ ) | ૧૯૭૫ |
| ૧૧ | સદ્‌ગુરૂ બાલમંદિર | ૧૯૭૬ |
| ૧૨ | સદ્‌ગુરૂ પ્રાથમિક વિદ્યાલય | ૧૯૭૭ |
| ૧૩ | શ્રીમતી જે.જે. ગ્રેજ્યુએટ ટીચર્સ કોલેજ | ૧૯૭૭ |
| ૧૪ | લાલ બહાદુર શાસ્ત્રી કન્યા વિદ્યાલય (અગ્રેજી માધ્યમ) | ૧૯૭૭ |
| ૧૫ | માતુશ્રી આનંદમયી કન્યા વિદ્યાલય | ૧૯૮૨ |
| ૧૬ | શ્રી રાધાબાઈ અકબરી પ્રાથમિક વિદ્યાલય | ૧૯૮૪ |
| ૧૭ | માતુમંદિર હાઈસ્કૂલ (અગ્રેજી માધ્યમ) | ૧૯૮૫ |
| ૧૮ | માતુમંદિર પ્રાથમિક વિદ્યાલય | ૧૯૮૫ |
| ૧૯ | રમેશભાઈ છાયા બોયઝ હાઈસ્કૂલ | ૧૯૮૬ |
| ૨૦ | શ્રી રમેશભાઈ છાયા કન્યા વિદ્યાલય | ૧૯૮૬ |
| ૨૧ | શ્રી રમેશભાઈ છાયા પ્રાથમિક વિદ્યાલય | ૧૯૮૮ |
| ૨૨ | શ્રી મીનાબેન કુંડલિયા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ | ૧૯૯૦ |
| ૨૩ | જગદ્‌ગુરૂ પ્રાથમિક વિદ્યાલય | ૧૯૯૪ |
| ૨૪ | શ્રીમતી જે.જે.કુંડલિયા બી.બી.એ.કોલેજ | ૧૯૯૬ |
| ૨૫ | જગદ્‌ગુરૂ પ્રાથમિક વિદ્યાલય | ૧૯૯૮ |
| ૨૬ | શ્રીમતી જે.જે.કુંડલિયા બી.સી.એ.કોલેજ | ૨૦૦૦ |
| ૨૭ | જગદ્‌ગુરૂ ઉચ્ચતર માધ્યમિક વિદ્યાલય | ૨૦૦૦ |
| ૨૮ | શ્રી લાભુભાઈ ત્રિવેદી ઈન્સ્ટીટયુટ ઓફ એન્જીનીયરીંગ એન્ડ ટેકનોલોજી | ૨૦૦૯ |



" એક ટકો અધિકાર અને સૌ ટકા જવાબદારી, એ શિક્ષક...! "

મૂળશંકર એમ. ભટ્ટ (હદયની કેળવણીનાં કલાકાર) ૧૯૦૭-૧૯૮૪

# A Brief View of the Institution



Smt. J. J. Kundalia Graduate Teachers' College is a premier Teacher Education College, established in 1977 affiliated to Saurashtra University and is one of the seven Grant-in-aid B.Ed. Colleges of Saurashtra region. This institute has been approved by NCTE., UGC and Gujarat State Government. The college has undergone NAAC accreditation and accredited Grade ''B'' with CGPA 2.02 and "AAA" assessment procedure by Gujarat Government and is given "A' grade.

The founder trustee of the college, Late Shri Labhubhai Trivedi, former Pro VC of Saurashtra University, a purely academic and committed person to education. This College offers Training Course leading to the Degree of Bachelor of Education. The institute is co-educational. The college enjoys the unique advantage of a peaceful academic environment. The college possesses an efficient infrastructure which includes spacious and well lit classrooms, Science laboratories and Digital Language Learning lab, library, recreation room, and a spacious play-ground. The most endearing is the hostel for girls conveniently located in the college campus.

**Vision and Mission:**

The core motto of the institute is V_gmo _m Á`mo{VJ©_` Our vision is to provide good Teachers to Society. Only good teachers give good education only good education enrich Society and Indian Values of Life.

Our mission is to abolish darkness and lead light to society, to nurture the inner potentiality, talents and cultivate strong personality, to promote, establish and protect the subtle spiritual values of life.

**Curricular aspects**

Ours is a Bachelor of Education programme. We prepare teachers professionally strong with value based education. We offer different methods of teaching i.e. Gujarati, Hindi, Sanskrit, English, Mathematics, Science, History, Geography and Accountancy methods.

**Teaching-learning process**

We aim to develop overall personality of teacher, so we give all types of experiences to them. It means skills of teaching, prayer, to handle all the programmes, management of all the things. We also give them teaching of techniques, technology, healthy competition, learning environment, friendly relations, co-operation and punctuality.

**Research consultancy and extension**

Research culture prevails on the campus. Our all the staff members (Five) are Ph.D. degree holders. All the faculty members are actively participating in conferences, seminars and workshop. All the members are U.G. and P.G. recognized teachers.

**Healthy Practices**

Our everyday assembly prayer contains good educational thought, good special reading, Omkar Mantra, Book Review, singing of Vande Mataram, Institute observes all cultural festival, National festivals and develop cultural, Spiritual, National spirit and values. College observes the birthday of all students and gives them a book that inspires them.

" શિક્ષક આદર્શ બની છલકાયા કરે,
વિદ્યાર્થી પડછાયા થઈ મલકાયા કરે."

# Smt J. J. Kundaliya Graduate Teachers' College Rajkot

## Infrastructure


Principal's Office


Computer Lab


Staff Room


Prayer Hall


Sports


Reading Room for Boys


Reading Room for Girls


LCD Projector Room


Library


Psychology Lab


Indoor Games

**Vision and Mission**

| Our Vision | Our Mission |
|---|---|
| • To Provide good Teachers to Society. Only good teachers give good education.<br>• Good Education enrich Society and Indian Values of Life | • To Abolish Darkness and lead Light to Society<br>• To Nurture the Inner Potentiality, Talents and Cultivate Strong Personality<br>• To Promote, Establish and Protect the subtle Spiritual Values of Life |

# સંસ્થાનાં ભૂતપૂર્વ ઘડવૈયા



**ડૉ. બી.યુ. પારેખ**
(ગણિત) આચાર્ય



**સ્વ. શ્રી શામજીભાઈ એમ. ઝાલા**
(ઈતિહાસ) ઇનચાર્જ આચાર્ય



**શ્રી તારાબેન શાહ**
(ગણિત) આચાર્ય



**ડૉ. સુહાસીનીબેન શાહ**
(કોમર્સ) ઇનચાર્જ આચાર્ય



**ડૉ. જગન્નાથભાઈ ડી. વ્યાસ**
(હિન્દી) આચાર્ય



**ડૉ. કુરજીભાઈ એમ. દોંગા**
(ગણિત) ઇનચાર્જ આચાર્ય



**ડૉ. શર્મિષ્ઠાબેન વ્યાસ**
(ભૂગોળ) આચાર્ય



**ડૉ. પ્રિયકાંતભાઈ એમ. સ્વામિ**
(ગુજરાતી) પ્રાધ્યાપક



**ડૉ. કેશુભાઈ વી. રાઠોડ**
(વિજ્ઞાન) પ્રાધ્યાપક



**ડૉ. દિવ્યાબેન બી. રાવલ**
(સંસ્કૃત) આચાર્ય



**ડૉ. પારુલબેન સી. દવે**
(કોમર્સ) ઇનચાર્જ આચાર્ય

# Overview of the Current Manpower

## Teaching



**Dr. Nisha C. Raninga**
Assist. Prof. (Science)
M.Sc.,M.Ed.,Ph.D.,GSLET



**Dr. Chirag H. Madhak**
Assist. Prof. (Mathematic)
M.Sc., M.Ed.,Ph.D.



**Dr. Alpesh G. Nakrani**
Assist. Prof. (English)
M.A.M.Ed.,Ph.D.UGCNET.GSET

## Non-Teaching



**Mr. Vajubhai Muliyana**
Accountant



**Mrs. Rekhaben L. Sagpariya**
(Lab. Assist.)

## Class-4



**Geetaben Y. Raval**



**Lalitaben G. Muliyana**



**Devjinbhai M. Parmar**

# સંસ્થાનું અદ્વિતીય અતીત

## STAR STUDENTS OF THE COLLEGE

| Sr. No. | Year | Name | Percentage (%) | Rank in Uni. | Rank in College |
|---|---|---|---|---|---|
| 1 | 1982-83 | Dhadhal Parakashba | 82 | 1st | 1st |
| 2 | 1985-86 | Moliya Mansukh | 79.60 | 1st | 1st |
| 3 | 1989-90 | Pundir Alka M. | 87.20 | 1st | 1st |
| 4 | 1990-91 | Kundaliya Mala C. | 88.20 | 1st | 1st |
| 5 | 1991-92 | Bhutak Haresh P. | 88.70 | 1st | 1st |
| 6 | 1992-93 | Shah Smita N. | 90.20 | 1st | 1st |
| 7 | 1993-94 | Phethani Manisha B. | 90.30 | 4th | 1st |
| 8 | 1994-95 | Joshi Nirali A. | 89.80 | 1st | 1st |
| 9 | 1995-96 | Kathiriya Jitendra K. | 84.33 | 2nd | 1st |
| 10 | 1996-97 | Joshi Jasmine | 89.80 | 1st | 1st |
| 11 | 1997-98 | Hapaliya Varsha C. | 89.17 | 1st | 1st |
| 12 | 1998-99 | Mehta Sanjay N. | 95 | 1st | 1st |
| 13 | 1999-2000 | Rankja Komal D. | 92.5 | 1st | 1st |
| 14 | 2000-2001 | Pambhar Ramesh M. | 94 | 1st | 1st |
| 15 | 2001-2002 | Pandit Archana V. | 94.43 | 1st | 1st |
| 16 | 2002-2003 | Chande Usha N. | 96.09 | 1st | 1st |
| 17 | 2003-2004 | Pandya Bhavika G. | 95.73 | 1st | 1st |
| 18 | 2004-2005 | Jetpariya Rajesh M. | 95.05 | 2nd | 1st |
| 19 | 2005-2006 | Benaraji Supriya | 96.90 | 1st | 1st |
| 20 | 2006-2007 | Jotawa Amu R. | 91.70 | 4th | 1st |
| 21 | 2007-2008 | Mulani Gita M. | 93.43 | 1st | 1st |
| 22 | 2008-2009 | Sherasiya Samir I. | 93.71 | | 1st |
| 23 | 2009-2010 | Kaneriya Snehal J. | 90.76 | | 1st |
| 24 | 2010-2011 | Chavda Piyush M. | 93.66 | | 1st |
| 25 | 2011-2012 | Patel Puja P. | 94.17 | | 1st |
| 26 | 2012-2013 | Parmar Aradhana M. | 93.43 | | 1st |
| 27 | 2013-2014 | Dhoraliya Nayan | 93.53 | | 1st |
| 28 | 2014-2015 | Trivedi Anjali K. | 95.37 | | 1st |
| 29 | 2015-2017 | Result Awaited... | | | |

કોલેજની વાત કરું તો ભૌતિક સુવિધા ખૂબ ઉતમ કક્ષાની છે. તેમાં અદ્યતન કોમ્પ્યુટરલેબ, વિશાળ વર્ગખંડ સામેલ છે. કોલેજના સ્ટાફના સભ્યો ખૂબ સાથ અને સહકાર સાથે કાર્ય કરે છે. કોલેજનું વાતાવરણ હમેંશા તરોતાજા હોય છે. અધ્યાપકગણ તેમજ અન્ય કર્મચારીઓ દ્વારા તાલીમાર્થીઓ સાથેનું વર્તન પ્રશંશનીય છે. કોલેજની પરંપરાઓ ખુબ જ સારી છે. કોલેજમાં બધા મળી પરીવારની જેમ તહેવારોની ઉજવણી કરે છે. કોલેજ દ્વારા ઉપયોગ થતો શબ્દ “પરિવાર” ખૂબ જ લાગણીશીલ અને પ્રભાવશાળી છે. સૌ સાથ અને સહકાર સાથે વર્તે છે.

- ભાવેશ ઓડેદરા

આજથી જ્યારે બે વર્ષ પહેલા બી. એડ.ના પ્રવેશ માટે પ્રથમ રાઉન્ડમાં મને મહાત્મા ગાંધી ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા સંચાલિત શ્રીમતિ જે. જે. કુંડલિયા ગ્રેજયુએટ ટીચર્સ કોલેજમાં પ્રવેશ મળ્યાના સમાચાર બાદ મે ખૂબ આનંદની લાગણી અનુભવી હતી. મે બે વર્સનાં બી.એડ કાળ દરમિયાન તમામ પ્રવુતિઓ અને કાર્યક્રમમાં ભાગ લઈ અનુભવો મેળવ્યા છે. અહિયાના તમામ સ્ટાફ તરફથી મને પૂરતો સહકાર મળ્યો છે. આ કોલેજને કોલેજ ન ગણતા મને એક પરિવાર કહી નસીબદાર હોવાનો ગર્વ વયક્ત કરું છું. આ કોલેજની પ્રવૃતિઓમાં સામેલ થવાથી મારી અંદર રહેલી સુષુપ્ત શક્તિઓનો વિકાસ થયો છે. તેમજ નીખરી છે.

નામ – ત્રિવેદી કિંજલ

મેથડ – નામું / વાણિજ્ય

મહાત્મા ગાંધી ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા સંચાલિત શ્રીમતી જે.જે.કુંડલિયા ગ્રેજ્યુએટ ટીચર્સ કૉલેજ આદર્શા શિક્ષક તૈયાર કરતી સંસ્થાનો એક ભાગ હોવાનો મને ખૂબ ગર્વ છે. કૉલેજના

તમામ સ્ટાફગણ તાલીમાર્થીઓને ખૂબ પ્રોત્સાહન આપે છે. કૉલેજ નું એવું હકારાત્મક વાતાવરણ કે જ્યાં આપણને આવવું ગમે,ભણવું ગમે,રોકાવું ગમે

નામ -દેપાલી માનશી

મેથડ –સાયન્સ/મેથ્સ

# Smart Classrooms by SMART boards



Dr. Chirag H. Madhak

**Preface:**

If you are "Up with the times," then you may be so lucky to have a Smart Board in your classroom. This interactive whiteboard is replacing the overhead projector in many classrooms across the world. Smart Boards are becoming an essential component of every classroom.

**1. Easyness of technology use:** The digital screen allows images from the computer to be displayed on a board. It can also be modified on the screen itself, using a pen or a highlighting tool. Its touch screen feature allows teachers to run programs directly from the screen simply by tapping the application with her finger and even makes scrolling easy. Teachers are able to attach their computers, video cameras, digital cameras, microscopes and pretty much anything else that you can think of to help aid in instruction.

**2. Multimedia presentation**: Interactive whiteboards allow many different forms of media – including photos, illustrations, maps, graphs, games, and video, to be displayed. These tools not only enrich the classroom experience but also help to expand the nature of content that can be used in learning. In addition, SMART Boards makes learning to be more dynamic owing to the different forms of presenting information.

**3. Rich teaching/learning experience:** In classrooms all over the country, Smart Boards are being installed because this amazing technology not only enhances the way teachers teach, but it also enhances the way students learn. It can provide students with an enriched learning experience by projecting visual elements. SMART Boards provide new ways for teachers to teach, and student to learn. These tools support a wide variety of learning styles. For instance, visual learners can watch as their teachers use the whiteboards to project visual elements, whereas audio learners can listen and have discussions. It can accommodate different learning styles.

**4. Interactive technology**

Perhaps one of the greatest advantages of Smart Boards is their ability to be interactive. Research has repeatedly demonstrated that students learn best when they are fully engaged, and hands-on learning is one of the best ways to do that. With this technology, every child in the classroom has the ability to utilize the Smart Board at the same time. For example, advanced Smart Boards have the ability for students to use their finger and write directly on them.

**5. Low Maintenance**

Smart Boards are very easy to use and require very little maintenance. The boards do not use chalk or markers (which can be messy) -- you only use your finger or a special pen. You will also find that they very easy to clean as well as maintain. SMART Boards are neat and easy to use.

**6. Access to Online Resources**

. Students can easily access a wide range of resources to help them complete a project or conduct any research. Teachers can use the wide variety of online information sources such as knowledge databases, online video and news items to reinforce their lessons.

**7. Environmentally Friendly**

If you are looking to "Go green," then here is your chance. Smart Boards are environmentally friendly because it eliminates the need for any worksheets and papers. There will be no need to photocopy and print a class set of papers.

**Conclusion:**

Studies have shown that using smart technology in the classroom has proven success rates; it raises test scores, improves student learning, enhances literacy, boosts attentiveness, and increases comprehension, to name a few.

# શિક્ષણ : જીવન વિકાસની પ્રક્રિયા



ડો. નિશા સી. રાણીંગા

-"ક્ષણે ક્ષણે જે નવું શીખવે એનું નામ શિક્ષણ
જે માતૃ હૃદય રાખીને શીખવે એનું નામ શિક્ષક"

શિક્ષણ એટલે ઘડતર. વ્યક્તિનું,સમાજનું,રાષ્ટ્રનું,સર્વનું ઘડતર થાય એ શિક્ષણ છે.કોઈપણ વ્યક્તિનું કે સમાજનું ભાવિ તેના શિક્ષણ પર અવલંબે છે.આજનું શિક્ષણ આવતીકાલનું નવસર્જન કે અધ:પતન બની શકે છે.શિક્ષણ મૂલત:જીવનનું શિક્ષણ છે.શિક્ષણ એટલે જીવનનું ઘડતર, જીવનનો વિકાસ ,શિક્ષણ વિકાસની જ ઘટના છે, જીવન પણ વિકાસની પ્રક્રિયા છે.શિક્ષણ જીવન વિકાસનું માધ્યમ છે.જીવવું એટલે વિકસવું અને વિકાસ શિક્ષણ દ્વારા થાય છે.તેથી જીવનના સ્વરૂપ અને વિકાસની ઘટનાને સમજ્યા વિના કોઈ શિક્ષક સાચો શિક્ષક બની ન શકે તેથી એ અનિવાર્ય છે કે શિક્ષક જીવનને સમજે. સમજ એ એક એવું પરિબળ છે કે તેની અસર જીવન પર અને કાર્ય પર થાય જ છે. જો સમજ યથાર્થ હોય તો તેના દ્વારા જીવન-પરિવર્તનની અને કાર્ય પરિવર્તનની ઘટના કોઈને કોઈ સ્વરૂપે ઘટે જ છે. સમજી- સમજીને જીવવું,જીવતા-જીવતા વિકસવું,વિકસતા-વિકસતા સમજવું અને વિકસતા-વિકસતા જીવવું એવી જીવન વિકાસની પ્રક્રિયા શિક્ષણની છે.

મુંડક ઉપનિષદ પ્રમાણે બે પ્રકારની વિધા છે. પરા વિધા અને અપરાવિધા. આપણે જે કઈ શીખીએ છીએ વિજ્ઞાન,ગણિત,સાહિત્ય,કલા,ભૂગોળ,ધર્મશાસ્ત્ર વગેરેનો અભ્યાસ એ અપરાવિધામાં આવે છે જ્યારે પરાવિધા એટલે આત્મજ્ઞાન કે જે ભૌતિક જગતથી પર છે એટલે આપણને ભલે સમગ્ર વિશ્વનું જ્ઞાન હોય પણ આપણે આપણી જાતને જ ઓળખતા હોતા નથી. આત્મજ્ઞાનથી અજાણ છીએ. તે સ્થળે , કાળ અને કારણથી પર છે , એ જ પરાવિધા. પ્રાચીનકાળમાં ગુરુકુળોમાં શિષ્યોને આ બંને પ્રકારની વિધાઓ શીખવવામાં આવતી હતી. પરંતુ આજના યુગમાં અપરા વિધા જ શીખવવામાં આવે છે.

ભારત સ્વતંત્ર થયા પછી શિક્ષણ અંગે કંઇ કેટલાય પંચો રચાયા. ડો.રાધાકૃષ્ણન પંચ ,કોઠારીપંચ વગેરેએ અનેકવિધ સૂચનો કર્યા અને શિક્ષણ વ્યવસ્થામાં કંઇક પરિવર્તન આવે એવી દ્રષ્ટિ પણ સેવી. ત્યારબાદ ૧૯૮૬ માં નવી તરાહ ૧૦+૨+૩ અમલમાં મૂકાઇ. ત્યારબાદ ૧૯૮૬ માં પણ શિક્ષણને પરિવર્તનલક્ષી , પરિણામલક્ષી બનાવ્યા ઉપરાંત ભારત આધુનિક ટેક્નોલૉજી સાથે સાંકળવા પ્રયત્ન થયો. ટોફલરે કલ્પેલા ત્રીજા મો જાથીયે આગળ એક નવું મોજું આવી રહ્યું છે અને જીવનને સ્પર્શતા દરેક ક્ષેત્રને પ્રભાવિત કરવાની પૂરી સંભાવનાઓ દેખાઈ રહી છે ત્યારે ભારત પણ એનાથી અળગું ના રહી શકે. આપના દેશને વિશ્વના આ પ્રવાહ ને સમાંતર લાવી , વિકાસનો નૂતન પથ કંડારી, વિશ્વને આ રાષ્ટ્રની અપ્રિતમ શક્તિ પરત્વે ફરીથી જાગૃત કરી , હવેની સદી ભારતની સદી છે એવું દ્રઢ દર્શન કરાવવા પ્રતિબદ્ધ થવું પડશે. આ માટેનો સર્વોતમ માર્ગ શિક્ષણ છે. 'મેક ઇન ઈન્ડિયા', 'ડિજીટલ ઈન્ડિયા થ્રસ્ટ' જેવા સૂત્રો પ્રવાહિત થયા છે. એમાં પ્રગતિના ત્રણ આધારસ્તંભો પણ દર્શાવ્યા છે. ગુણવતા(**Quality**), કૌશલ્ય (**Skill**), અને

પ્રૌદ્યોગિકી (Technology). આ આધાસ્તંભો સાથે શિક્ષણને જોડે , શિક્ષણની મુખ્ય ત્રણ ભૂમિકાઓ વિચારાઇ (૧) રાષ્ટ્રને મહાશક્તિશાળી બનાવવું (૨) વિધાર્થીઓ આવશ્યક જ્ઞાન અને કૌશલ્યથી સજ્જ થાય. (૩) વિજ્ઞાન , પ્રૌદ્યોગિકી, બૌદ્ધિક અને ઔધોગિક ક્ષેત્રોમાં માનવબળની ઓછપને દૂર કરવી.

શિક્ષણની રચના એવી કરવી જોઇએ કે જેના દ્વારા સમાજ આત્મનિર્ભર બને એ માટે વિધાર્થી શ્રમની મહતાને સમજે તથા પરાવલંબી ન બને તેવી વ્યવસ્થા કરવી જોઇએ. જ્ઞાન , કર્મ અને ભક્તિનો પવિત્ર ત્રિવેણી સંગમ રચાય અને મન-વચન-કર્મનું સામંજસ્ય સધાય ત્યારે ચારિત્ર્ય નિર્માણ થાય છે અને એ શિક્ષણના માધ્યમથી થઈ શકે. શિક્ષણ મનુષ્યના પૂર્ણ વિકાસનું કારણ બને ત્યારે શિક્ષણ સાર્થક થયું ગણાય. શિક્ષણના વિવિધ આયામો જીવનના વિભિન્ન અંગોને અદભૂત રીતે સ્પર્શે છે અને જીવનને આનંદમય બનાવે છે.

શિક્ષણ જ્ઞાન પ્રાપ્તિનો માર્ગ છે. શિક્ષણ સાધ્ય પણ છે અને સાધન પણ છે. જીવનની પ્રત્યેક ક્ષણને શિષ્ટ બનાવે તે શિક્ષણ. જીવનના મૂલ્યોનો વિકાસ કરે તે શિક્ષણ છે. શિક્ષણ એ વ્યક્તિ નિર્માણનો આધાર છે. આધાર સાત્વિક હોય , મજબૂત હોય તો તેની ઇમારત અડીખમ ઊભી રહી શકે. પ્રત્યેક વ્યક્તિમાં પ્રભુએ પ્રભુતા ધરી છે , દિવ્યતા બક્ષી છે... એ પ્રભુતા , એ દિવ્યતા પ્રગટ કરી સમષ્ટિના શ્રેય માટે કાર્યરત કરવી એ સાચા અર્થમાં શિક્ષણનું કાર્ય છે. દરેક વસ્તુને બે દ્રષ્ટિથી મૂલવી શકાય – સ્થૂળ અને સૂક્ષ્મ. સ્થૂળ દ્રષ્ટિથી શિક્ષણને જોઈશું તો એ આપશે કારકિર્દી, કૌશલ્ય અને ભૌતિકતા. સૂક્ષ્મ દ્રષ્ટિથી શિક્ષણને સમજીશું તો તે આપણે કર્તવ્ય સભાનતા , જીવન દ્રષ્ટિ અને જીવનની સાચી સમજણ. આપણને વર્તમાન યુગમા બંનેની જરૂર છે. શિક્ષણ જ એક એવું તત્વ છે જે આપણને આપના જન્મજાત સંસ્કારો, માતૃભૂમિની મહેક અને આપણા મહાન પૂર્વજોની પરંપરા સાથે જોડી રાખે છે.

શિક્ષણએ એક અતિ ઉચ્ચ સમાજ ધર્મ છે. તેના ત્રણ આયામો છે. શિક્ષણના માધ્યમથી વિકૃતિનું સમાર્જન-શુદ્ધિ, પ્રકૃતિનું સંવર્ધન-વૃદ્ધિ અને સંસ્કૃતિનું પૂજન-સમૃદ્ધિ અપેક્ષિત છે. રામચરિત માનસમાં કહેવાયું છે કે શાળામાં વિધા, વિનય, કર્મની કુશળતા, વિધાર્થીઓમાં પડેલા ગુણોનો વિકાસ અને ચરિત્ર નિર્માણ આ પાંચ વસ્તુઓ તો પ્રાપ્ત થવી જ જોઇએ બીજું કંઈ ન મળે તો ચાલે જેને શિક્ષણનું પંચાગ કહી શકાય.

કેળવણી એટલે માત્ર પરીક્ષામાં ઉતમ ગુણે સફળ થવું એ નથી પણ કેળવણીમાં એક એવી તાલીમ મળે છે કે જેના દ્વારા ઇચ્છાના પ્રબળ પ્રવાહ અને તેની અભિવ્યક્તિને સંયમ-નિયમમાં રાખી શકાય અને સર્વજન હિતાય અને સર્વજન સુખાયના ઉદ્દાત અને ઉમદા હેતુ માટે તેનો ઉપયોગ થાય.

કેળવણી શરીરને રોગ અને દુર્બળતાથી મુક્ત કરે છે , બુદ્ધિને અજ્ઞાન અને ખોટા વિચારોમાંથી મુક્ત કરે છે , હાથ પગ વગેરે ઇન્દ્રિઓને જડતાથી મુક્ત કરે છે, મનને લાલચ ,ભય અને સ્વાર્થ જેવી કુવાસનાઓથી મુક્ત કરે છે, હૃદયને કઠોરતાથી તેમજ ખોટી લાગણીથી મુક્ત કરે છે , મનુષ્ય-સમાજને પ્રાકૃતિક,સામાજિક,આર્થિક, રાજકીય, બૌદ્ધિક વગેરે સર્વ દાસીઓમાંથી મુક્ત કરે છે.

માનવની સર્વદેશીય પ્રતિભાનો વિકાસ જે પ્રક્રિયા દ્વારા થાય છે તે કેળવણી છે. કેળવણી એ માનવ માટે તેજોપંથની ઊર્ધ્વ યાત્રા છે. માનવ વિકાસનું સંવર્ધન કરવામાં કેળવણી નિર્ણાયક ભૂમિકા ભજવે છે. સંસારમાં જેટલી ઉપલબ્ધિઓ છે, તે બધામાં શિક્ષણ સૌથી મોટી ઉપલબ્ધિ છે.સફળ શિક્ષણ સફળ જીવનનો પાયો છે.

## Using Social Media As Teaching-Learning Tools



Dr. Alpeshkumar G. Nakrani

Using social media in education has got such a huge potential and there are a variety of ways. It's no secret that our students spend most of their free time on social media websites/applications. We usually get frustrated by that habit. It's time to start seeing things differently: Social media can be a useful tool to use for educational purposes.

**What are Social Medias?**

A term used to describe a variety of Web-based platforms, applications and technologies that enable people to socially interact with one another online. Some examples of social media sites and applications include Facebook, YouTube, Twitter, blogs etc. Social media is a catch-all term for a variety of Internet applications that allow users to create content and interact with each other. Social media in general have following advantages of use in education

- Sharing links to interesting content produced by third parties
- Sharing photos; videos and posts
- Commenting on the photos, posts, updates, videos and links shared by others
- great range of opportunities for students to form own groups;
- greater support of peers, self-reflection, and both peer- and self-assessment;
- students draw upon relevant, integrated knowledge;
- flexibility to read and write comments, ask questions, and seek clarification;
- teaching and learning occurring informally and formally;
- shared examples of student
- increased creativity and use of multimedia;
- increased student control of learning;
- generating new knowledge;
- increased connectedness

**1. Using facebook as teaching and learning Tool**

By using Facebook in learning, the role of students can therefore shift from only receiving knowledge to both searching and sharing their knowledge. Moreover, interactions with teachers can become more instant since teachers and students can respond quickly via Facebook.

**2. Using twitter as teaching and learning Tool**

Twitter is a simple web and mobile computing application which allows a user to write a 140 character 'post' or 'Tweet' (including punctuation) on a page on the internet. These 'tweets' are like short blog posts, a list of which is called a 'feed'. Twitter users can build a list of other users whose Tweets they 'follow'. The tweets of all those you have chosen to follow are displayed on your home timeline. Tweets can simply be short informative messages broadcast to the web or discussions between a group of users or individuals with similar interests.

3. **Using bogging as teaching and learning Tool**

Blog is short for web log. It's a bit like an online diary or journal, except blogs aren't necessarily private, instead they're created for an audience. And just like a diary or journal, a blog is relaxed, making it an easy and comfortable way for students to get writing. Wikipedia defines Blog as a type of website or part of a website; they are usually maintained by an individual with regular entries of commentary, descriptions of events, or other material such as graphics or video.

4. **Using Youtube as teaching and learning Tool**

YouTube is not only the kingdom of digital entertainment but it can also be a great environment for learning. YouTube is one of the most popular websites on the planet and a vast resource for educational content. The site is home to over 10 million videos tagged as educational, many of them submitted by your fellow teachers. A completely free resource this huge and varied has nearly endless potential for the classroom. Here are some ideas and suggestions to get you started.

Social media has been shown to be effective for learning. Learners are able to develop higher level thinking skills such as decision making and problem solving, as well as communicate and collaborate using social media.



**જોશી નિધી**

ચોકના ટુકડાથી કંઈક તો લખુ
જરા ડસ્ટરને સ્પર્શી લઉં હજુ એકવાર
એક - એક ઓરડાની ભીંતોને જોઈ લઉં
જોઈ લઉં બારણાંને બારીની બહાર
આજનો સૂરજ આ ડૂબી જશે ને
કંઈક ડૂબી જશે પછી ગમતી સવાર
આ શાળા દઉં છોડી
પણ વિદ્યાર્થીઓની આંગળી છોડતા હૈયું ભરાય
હૈયામાં દિવસોથી લાગણીના જાળા
હવે ખેંચવાનો એક- એક તાર
કાલે પણ વિદ્યાર્થીઓની હાજરી લેવાશે
એક-એક વિદ્યાર્થી બોલશે હાજર
આજે પેલા શિક્ષક છે કેમ ગેરહાજર
એક- એક વિદ્યાર્થી ને ભૂલી જવા વડે
કેટલાય દરિયાની પાર
છોકરાંના કંઠમાં પ્રાર્થનાઓ રોપીને છોકરીની પાનીમાં રાસ
આટલા દિવસોની પુનમની ચાંદની પળમાં થઈ ગઈ અમાસ
માંડ જો આંસુ વળાવીને જોયું તો ઉદાસીની આખી કતાર
આજનો આ સૂરજ ડૂબી જશેને
કંઈક ડૂબી જશે પછી ગમતી



**ઓડેદરા ભાવેશ**

હું તો ચાહું શૈશવ

કાળની આ કેડી પર માનવી ચાલે નીત
કેવી અજાણી એકની બીજા સાથે પ્રીત
નવ જાણે કોઈ કે કાલ થશે શું ?
તોય દોડ્યો જાવ છું ગાંડો થઈ હું

જાણે છે સૌ કે અંધકાર થવાનો સાંજે
તોયે દિનકરનો પ્રકાશ આંખ સૌની આંજે
જુઠ્ઠી છે જગતની સર્વ મોહ અને માયા
તોય ગાંડો થઈ માનવી ઘસે એની કાયા

બાળપણમાં ખૂબ કરેલ ભેરુ સાથે મસ્તી
એ જ આજે યુવાનીમાં બની ગયો છે હસ્તી
ચારે તરફ છવાઈ ગઈ છે માણસોની બસ્તી
બાળપણની એ મસ્તી આજે નથી રહી સસ્તી

જો મળે "કાળ " મને તો માગું એક જ વર
મને આપી દે મારું બાળપણ ને મારું ઘર



**ભાલોડીયા સ્વાતિ**

મારા પોતાના અનુભવ પર થી એક વાત કહેવા માંગુ છુ. કોઈ પણ વિદ્યાર્થી ક્યારેય નબળો હોતો નથી. તેને સમજવા માટે હમેશા પ્રયત્ન કરવો જોઈએ. કોઈ વસ્તુ શીખવવા અને શીખવા માટે સમય આપવો જોઈએ.આજે હું તમને એક એવા વ્યક્તિ નું ઉદાહરણ આપવા માંગુ છું જેઓ પોતાની લાઈફ માં 1000 વાર નિષ્ફળતા પ્રાપ્ત કર્યા પછી પણ 65 વર્ષ ની ઉંમરે પ્રયત્ન દ્વારા છેવટે સફળતા પ્રાપ્ત કરે છે અને આખા વિશ્વ માં 108 પોતાની માલિકી ના રેસ્ટોરન્ટ ચાલુ કરે છે. આ વ્યક્તિ બીજી કોઈ નહી પણ KFC કંપની ના માલિક કારનીલ છે. આમ, અંત માં એક જ વાત કહીશ કે કોઈ પણ પરિસ્થિતિ માં હાર ન માનવી કેમ કે મેદાન માં હારેલ માણસ ફરી જીત મેળવી શકે પરંતુ મન થી હારેલ ક્યારેય સફળ ન થઈ શકે.



**Patat Anjana**

## Alone with my life

I want to runway
I want to go somewhere new
A place where no one knows me
And I don't know anyone
Somewhere I can find peace and serenity
Where I can walk down the streets
And no one knows my secrets
No one knows the mistakes I've made
Or the people I've hurt
When they start to find
What kind of person I am
The things I've done
The life I've lived
I'll disappear
It'll be like I was never there.



**-सोलंकी धर्मिष्ठा**

**भाई**

भैया तुजसे लडने वाली वो कहासे लाओ गे तितली
सुबह होते ही चली जाऊगी मे बनके पराए
कल चली जाऊगी भैया अब लड़ोना
फिर हर छोटी बात पे मस्ती, पर खाने पर रोज लड़ाइ
हर केसे सह पाओगे भैया अब लंबी जुदाई
कल चली जाउगी भैया अब लड़ोना
जाओ पापा का प्यारभी तेरा हर चीजभी अब तेरी
आधी आधी बाटने वाली की कल होगी बिदाइ
कल चली जाऊगी भैया अब लड़ोना
भैया नहीं जाना है रोक लो फिर इतनी बाते तो सुनलो
मम्पा पापाकाढेर सारा प्यार सिर्फ तुमही जेलो
कल चली जाऊगी भैया अब लड़ोना
अच्छा चलती हूं बचपन छोड़के सारी खुशियोकी डोर
जोड़के
कभी वापस भी आउगी फिर बचपन लो के
तेरी प्यारी बेहना की बिदाई नहीं है ये खुदा की सिर्फ
खुदाई
कल चली जाऊगी भैया अब लड़ोना



મહેતા કિંજલ

**મિત્ર નું મનન**

મહેફિલ છે આ દોસ્તની પણ, કશુંક ખૂટે છે આ ભાઇબંધી.
દોસ્તી માં તો જીવન શું ને મરણ શું પણ, કયારેક દોસ્ત જ મરણ આપી જાય છે.
દોસ્તી મુશ્કેલીમાં સાથ આપશે પણ, કહેવાય છે ને કાગડા બધે જ કાળા હોય છે.
એક દોસ્તને બીજા દોસ્ત પર ગર્વ છે પણ, દુનિયાને તો દોસ્તી તોડવામાં જ રસ હોય છે.
દોસ્તી કરતા તો પળવાર જ થાય છે પણ,નિભાવવામાં ભવોભવ ટૂંકા પડે છે.
એકમેકની મુશ્કેલીઓ સાથે વટાવતા પણ, સમય જતા બધુ વિસરાય જાય છે.
આફતો એકબીજાની માથે લઇ લેતા પણ, હવે આફતો નો સામનો એકલા જ કરવાનો છે.
અબોલાંતો ઘડીભરના હોય છે પણ, દુઃખતો જીવનભરનું આપી જાય છે.

ઘાવ

જીવન ખેલે છે રોજ અવનવા દાવ ,
સમજાવું કોને ? કે કોને કહેવાય ઘાવ .
જિંદગી માં ભાગ્યેજ મળે છે સંબંધો ની છાવ
તોય લોકો ખાય છે ખોટા સંબંધોના ઘાવ .
સમજદાર શાણા લોકોની જ થયું છે પાર નાવ
કામચોર ને મળે જાકારો કે અહીંથી જાવ.
દરિયો ખૂંદનાર શૂરવીરના જ થાય છે સરપાવ
ખાબોચિયાની માછલી ના ક્યાંથી થાય છે ભાવ .
કેટલા દિવસ પકડીશું ભગવાનના પાંવ
ક્યારેક તો થશે ચાલ હવે મહેનત કરી ખાય .
કવિતા બનીને કે લોકોના મનમાં સમાજ
સમજદાર જ સમજશે કેવી રીતે ઉપયોગી થાવ જીવન
માં સાચા નિયમો તું કોને સમજાવ ?
આ દુનિયા માં લાખો રોજ થાય છે આવ જાવ .



માણાવદરિયા નિશાંત

હે ઈશ્વર તું ક્યાં છો ?

હે ઈશ્વર તું ક્યાં છો ?
લોકો કહે છે કે તું મંદીર માં વસે છે ,
પણ મને તો બુલબુલ ના સુંદર ગીત માં
તારા હોવાનો અહેસાસ થાય છે .
લોકો કહે છે કે તું ગુરૂદ્વારામાં વસે છે ,
પણ મને તો વીજળી ના ચમકારા માં ,
તારા હોવા નો અહેસાસ થાય છે .
લોકો કહે છે કે તું મસ્જિદ , મકબરા માં વસે છે,
પણ મને તો રંગીન પતંગિયા માં
તારા હોવા નો અહેસાસ થાય છે
લોકો કહે છે કે તું ચર્ચ માં વસે છે ,
પણ મને તો રાત્રે ઝબકતા તારામાં
તારા હોવા નો અહેસાસ થાય છે
લોકો કહે છે કે તું સુંદર મૂર્તિઓમાં વસે છે
પણ મને તો એક નિર્દોષ બાળકનાં હાસ્ય માં,
તારા હોવા નો અહેસાસ થાય છે



મૂળાશિયા જલ્પા

છોકરા -છોકરી અલિમિનેશન




પાંચ છોકરા તથા પાંચ છોકરી પિકનિક પર ગયા હતા .ત્યાં નાની હાટડી પર છેલ્લી પાંચ આઈસ્ક્રિમ કેન્ડી વધી હતી .આ લોકોએ તે ખરીદી લીધી .હવે આ કેન્ડી ખાય કોણ એ પ્રશ્ન હતો કારણ કે બધાને તે ખાવી હતી. છેવટે દસ જણાએ નક્કી કર્યું કે એક વર્તુળાકાર માં દસે જણા ઊભા રહેશે તથા સૌની ઉપરના 1 થી શરૂ કરી જ્યાં દસ આવે તેને કેન્ડી મળશે તથા તે વર્તુળ ની બહાર નીકળી જશે. આ રીતે પાંચ જણા બાય લક પસંદ થશે તેમને કેન્ડી મળશે. .છોકરાઓનોઆવો પ્લાન હતો કે ગોઠવણી બરોબર એવી રીતે કરવી કે બધી કેન્ડી તેમને જ મળે .પણ છોકરીઓમાં શીલ્પા ગણિતની કાબેલ હોવાથી તેણે આવી ગોઠવણી કરી કે બધી કેન્ડી પાંચે છોકરીઓને જ મળી .તમે કહી શકશો ગોઠવણી કેવી રીતે કરી હશે?



ગેલાત પંકજ

## ટૂંકી વાર્તા

'પાંચ વર્ષનો છોકરો છીછરા દરિયામાં ઊભો હતો.
જેટલી વાર મોજા એના પગને અથડાતાં એટલી વાર
એ બોલતો હતોઃ તું હજાર વાર મારા પગે પડીશ
તોય તું મારા માં-બાપને તાણી ગયો એ પાપ
માટે તને માફ નહીં કરું'
"એ આજે બહુ ખુશ હતી.ઉનાળાના લાંબા
વેકેશન પછી શાળાઓ શરૂ થઈ હતી.અહી સુધી લાગે
કે વાત શાળામાં જતી છોકરી ની છે.બીજા વાક્યમાં
પાત્ર બદલી જાય છે. 'હવે પોતાના કુટુંબ નું પેટ ભરવા
માટે ટ્રાફિક. સિગ્નલ પાસે સ્ટેશનરી વેંચવાનું ફરી શરૂ કરી શકશ."
"એક જાણીતી ચિત્રકાર દીકરા પર ગુસ્સો કર્યા
કરતી, તું સીધી લાઇન દોરી જ શકતો નથી. થોડા
સમય પછી દિકરો હોસ્પિટલ ની પથારી પર ધીમે શ્વાસ
લેતો હતો ત્યારે માં પ્રાથના કરતી હતી. દીકરો ઇ.સી.જી.
પર આડી અવળી રેખાઓ દોરો .'કોઈ સ્ત્રીના વ્યાવસાયિક
ખ્યાલમાં સંતાન કેવડો મોટો ફરક પાડી શકે.

**સોલંકી વૃતા**



હાથ મેં ઝાલ્યો પવનનો,પણ કદી રોકાય કયાં ?
હું લહેરાતો ઉભો છું આ પવન પહેરાય કયાં ?
હું સતત શોધી રહ્યો અસ્તિત્વના ઘડનારને,
એ બધે હોવાછતાં આ આંખ ને દેખાય કયાં?
આભમાંથી ઉતરી ઉઘડી રહયા તે શ્વાસમાં
શ્વાસમાંથી નીકળી એ રથ લઈને જાય કયાં?
કયાંક એ છે સૂક્ષ્મરૂપે, કયાંક ત્રિભુવન થયા,
ના અમે સંજય થયા એટલે પરખાય કયાં?
ઘાટ માં જે હોય છે એ જ ઘટમાં આવશે,
ચાક ચાલે છે નિરંતર ગડમથલ સમજાય કયાં?



**- ઝાલા નિલમ**

## જીજીવિષા

જીવન તો મળ્યુ છે મને.
છતાં જીવવાની પળને શોધું છું.
મળે એક મોકો તો ફરી.
હસવાની એક પળને શોધું છું.
કયાં ખોવાઈ એ મારી ખુશી ?
જો મળે એક તક તો ફરી હસવા ઈચ્છું છું.
જીવી તો રહી છું જીદંગી .
છતાં હજુ જીદંગી ને શોધું છું.
અંધારામાં ખોવાય મારી ખુશી .
તેને હું પ્રકાશમાં શોધું છું.
હે ઇશ્વર આવી આપીને જીદંગી .
અને ખોવાયા તારા દર્શન .
એ તારા દર્શન પથ્થરની મૂર્તિમાં શોધું છું.
થયા છે મારા અસ્તિત્વના ટુકડા ઘણા .
એ ટુકડાઓના પણ ટુકડા થાય .
તે પહેલા છુપાવવા ઈચ્છું છું .
માન્યા હતા બધાને પોતાના .
પણ પારકી કરીને રાખી મુંજને
છતાં મારા કરીને જીવવા ઈચ્છું છું.
દુભાયેલા દિલની વાત .
મન મૂકીને કરવી છે આજ .
એ વાતને સાંભળનાર ,
એક માનવીને શોધું છું.
જો મળે એક આશાની કિરણ ,
મારા ખોવાયેલા આ જીવનને.
તો ..પાયલ... બનીને જ જીવવા ઈચ્છું છું

**-ગોસાઇ પાયલ**



## સફળ વ્યક્તિ થવા માટે નું એક માત્ર રહસ્ય

### "સમય ના આયોજન અનુસાર મહેનત"

મિત્રો,આપણને રોજબરોજ ના જીવન માં એવા ઘણા વ્યક્તિઓ જોવા મળે છે અને એમ કહે છે કે આ કાર્ય કરવાનો મારી પાસે સમય નથી.જગત માં જુઓ તો દરેક સફળ વ્યક્તિ ને દિવસ ની **24** કલાક જ મળે છે અને આપણને પણ દિવસ ની **24** કલાક જ મળે છે તો મિત્રો,પ્રશ્ન થાય કે આપણે તે વ્યક્તિ ની જેમ કાર્ય કેમ ન કરી શકીએ?કેમ કે એ સફળ વ્યક્તિ નું  રોજ નું કાર્ય અને મહેનત 'સમય ના આયોજન અનુસાર' થાય છે.તેથી મિત્રો,એક વખત જે-તે દિવસ નું આયોજન બનાવી ને દરેક કામ કરવાની કોશિષ કરજો જરૂર સફળતા મળશે.આ આયોજન કરવાથી તમારા પોતાને માટે તથા તમારા પરિવાર માટે પણ સમય નિકળશે.મિત્રો,મહેનત નું પણ કઈક આવુ જ છે.આપણને રોજબરોજ ના જીવન માં એવી વ્યક્તિઓને જોઈને પ્રશ્ન થાય કે તે બધીજ તૈયારી એક સાથે કઈ  રીતે કરતાં હશે? મિત્રો, હા..એ પણ મહેનત તો કરેજ છે.પરંતુ સમય ના ટાઈમટેબલ અનુસાર કરે છે.તેથી મિત્રો,એક જ પ્રશ્ન કરું કે મહેનત ક્યારે કરવી? અને કેટલી કરવી? જો તે ખબર પડી જાય તો તમારા માટે સફળતા દૂર નથી. તેથી સફળ થવા માટે યોગ્ય દિશા માં સમંય ના આયોજન અનુસાર મહેનત કરવી જોઈએ.કેમ કે દિશા અને યોગ્ય સમજ કે જ્ઞાન વગરની મહેનત નો કોઈ અર્થ નથી. આપણે નસીબ ને અંગ્રેજી માં LUCK તરીકે ઓળખાઇએ છીએ પરંતુ luck શબ્દ ઘણું કહી જાય છે. L=LABOUR, U=UNLESS, C=CORRECT, K= KNOWLEDGE,



-જયરાજ સોલંકી

## Websites to get free E-books

Exchange of information and knowledge has always played a vital role in the development of human beings. These exchanges are evolved simultaneously by keeping pace with technology. Here is a list of websites to get free e-books.\

http://www.freebookspot.es : Every month one can download 5 free books free of cost. Books can be of any category.

http://books.org: Daily 10 books can be downloaded after registration from this site and books are categorized in such a way that specific subject books can be downloaded from this site.

www.fullbooks.com:Books are not in category and available in html formats mainly.



http://libgen.info:

Jarer Sunita

## પ્રશિક્ષાર્થીઓની ચિત્રકલા



Created by: Faldu Kajal






Created by: Vaghela Hetal

## ઐતિહાસિક વાર્તા



ડેર નેહલ

પ્રસ્તાવના

આપણે સૌ જાણીએ છીએ કે સૌરાષ્ટ્ર એ કવિ, સાહિત્યકાર, ચારણોની ભૂમિ છે. એના એક એક ગામડામાં વસતા માનવીઓની ખુમારી, શૂરવીરતા, આવકારો, આશરા, ધર્મ વગેરે જેવા અનેક માનવીય ગુણો એ અવર્ણનીય છે. અહીં જે ઘટના હું રજૂ કરીશ તે બિલકુલ સત્ય ઘટના છે. ઈતિહાસમાં તે અમર થઈ ચૂકેલ છે.

આ વાર્તાને મેં મેઘાણી અને અમુક ચારણ સાહિત્યકરોની કૃતિથી પ્રેરાયને તેને આલેખવાનો પ્રયત્ન કર્યા છે, આ વાર્તા (ઘટના) માં રજૂ થયેલ વાતમાં એકપણ કોમ, જ્ઞા તિની પ્રશ્નન્સા કે નીંદાને હેતુ નથી. પરંતુ આજની પેઢી સમક્ષ જુના ઇતિહાસના પાના ખોલવાના આશયથી રજૂ થયેલ છે. ઘટના મેં મારા વિસ્તારના લોકોના મુખથી સાંભળેલી છે.

### શુરાની શુરવિરતા

સોરઠ રૂડીને રળિયામની ભૂમિ છે. જ્યાં નાર શુરા પાકે આવી આ ભૂમિમાં અમરેલી જીલ્લાના ચાવંડ ગામની વાત છે.ચાવંડ એટલે ઘીથી ભરેલી વાટકી જેવું નાનું અને સમૃદ્ધ ગામડું જ્યાં કવિ કાન્ત જેવા સાહિત્યકાર થઈ ગયા . આ વાત છે. રાજા– રજવાડાના વખતની ત્યારે ગામમાં વાણિયાયા- વેપારી, પટેલો, અહીરોનો વસવાટ છે.

એ ગામના પાદરે ડાયરો જામ્યો છે. આ ડાયરામા ચારણના મુખેથી શૂરવીરોની-શુ રવીરતાની વાત થાય છે. શુરવી રતાની વાત થાય એટલે રોમે-રોમે ખડું થાય જાય. એમા પણ કોઈ ચારણ કવિની સરસ્વતીની તોલે બીજું તો શું આવે ? ડાયરામાંથી ચારણને કહેવાય છે, કે વાત માંડીને કાંઈ કહો ત્યારે એ ચારણના મુખેથી શબ્દો સરી પડે છે...

. " શુર-શુરા રાહા ! તું ધાયો માં ભૂમિની વારે
કર ધરીને પ્રાણ, ધન-ધન તુંજ જનેતાને "

[હે શુરવીર રાહાજી | તારી માતૃભૂ મિ (ગામની) રક્ષા કાજે તું હાથમાં પ્રાણ લઈને લડ્યો. ધન્ય છે તારી જન્મદાતા જનેતાને.]

આખા ડાયરામાં વાહ |વાહ થવાની સાથે વાતને આગળ સાંભળવાની ઉત્કંઠા વધી ચારણે માંડીને વાત કરી...

આ ચાવંડ ગામમાં નરસિંહ એવા રાહાજી ડેરની આ વાત છે. કવિ કહે છે. કે કેવો હતો આ રાહાજી ડેર ? સાવજ જેવો છે. હાથીને પણ પછાડી નાખે એવુ ભુજબળ છે. એની તલવારની ઝીકથી દુશ્મનો ભાગે એની રાંગની ઘોડીથી કદી બીજા ઘોડા આગળ ગયા નથી, જે દિવસે મહેમાન ના હોય ઈ દિવસે રાહાજીને ઉપવાસ થાય, એવો ટેકીલો નર છે. એની રીઝ અને ખીજ રૂદ્ર સમાન છે.

એમનું ઘર ગામમાં સુખીને સમૃદ્ધ હતું. પાચ ગામમાં પૂછાય એવો એ માણસ જે રજવાડામાં એ સમયે પહાયતપણુ કરતા એટલે ગામની રખવાળી કોઈ પણ આફતથી રખવાળી કરવાની અને પોતાની જમીન ખેડીને સુખેથી તે રેતા ઈ વખતે બહારવટીયાનો ખૂબ ત્રાસ હતો. જે સમૃદ્ધ ગામ કે ઘરની જાણ તેમને થાય તે ભંગાયાવિના ના રહે, પણ મજાલ છે. કોઈની કે ચાવંડ સામે આંખ ઉંચી કરીને જુએ કારણ રાહાજી નું ગામ એના નામથી જે વિચાર માંડી વાળે.

પણ , એક દી ' બન્યું એવું કે રાહાજી ગામમાં ના હોવાના ખબર બહારવટિયાને મળ્યા અને ગામમાં ધાડ પાડી. ગામની કાણક્રિયા (વાણીયા) શેરીમાં લૂંટ મચાવી ઈ ટાણે રાહાજી ને કોએ કીધું કે " બાપુ | ગામ ભંગાણુ બહારવટીયા ત્રાટકિયા છે.

તેઓં પોતાની તલવાર સાથે ઘોડી પર માં ચામુંડાના મંદિરે આવેછે કહેછે . માં તારા રે' તા ગામ ભંગાણું હવે હારે આવો [ ધન લોકોની વાત પ્રમાણે કહેવાય છે. કે માતાજી કાળી ધાબળી અને સાંબેલુ લઈ પગ થિયા ઉતરતા પગ લપસ્યો એ પગની પેનીની છાપ હજી પણ તે જગ્યાએ છે. ત્યાંથી રાહાજી ખુલ્લી તલવારે એકલા ધાડ સામે આખડે છે. ધીગાણું ખેલાય છે. રાહાજી ની તલવાર જાણે આભમાંથી વીજળી પડે તેમ એક એક બહારવટીયા ઉંપર પડે છે. એક એક ડાર પડતા જાય છે. શિવજીના રોદ્ર સ્વરૂપના દર્શન રાહાજી માં થાય છે. લડતા લડતા ગામ સીમાડા સુધી જાયછે. અને ધાડને ભગાડે છે. શરીર પર ઘા વાગીયા છે. એની પીડા કરતા ગામની રક્ષા કર્યાની હેલી એના મુખ પર વર્તાય છે. ત્યારબાદ તેમની આ બહાદુરી બદલ તેમને લાઠીના રજવાડા તરફથી તામ્રપત્ર પર લખાણમાં ૨૫૦ થી ૩૦૦ વીઘા જમીન તેમના વંશજોને નામે કરાય છે. તો આવા પણ પુરૂ ષો આપણી આ ભૂમિમાં થયા છે કે જેઓં પોતાના પ્રાણ ની પરવા કર્યા વગર ગામને , માતૃભૂમિની રક્ષા કરી છે.

[ નોંધ= આજે પણ રાહાજી ડેરના વંશજો એ જમીન વાવે છે. તેમજ રાજકોટ , ભાવનગર હાઇવેવે પરના આ ચાવંડ ગામમાં ખંભીયું (પાળિયા) છે.]

---

## વાર્તા



***માનસી દેપાણી***

એક નગર હતુ. તેનુ નામ સુંદરપુર.તે નગરનો રાજા આદિત્યનાથ સ્વભાવે ખૂબ દયાળુ ખૂબ નિષ્ઠાવાન રાજા તરીકે આદિત્યનાથની ગણતરી થતી. નગરમાં થતા બધા કાર્યો માં તેની નિષ્ઠા છલકતી. ગરીબોને દાન આપતો . લોકોના હુનર ની કદર કરતો અને તેમને ઈનામ આપતો .

એક વખતની આ વાત છે. રાજા આદિત્યાનાથની દિકરી રાજકુમારી તારાના વિવાહ નક્કી થયા.રાજાએ તેની ખુશીમાં આખા ગામના લોકોને તેમને ત્યાં રાજમહેલમાં ભોજન લેવાનું નિમંત્રણ આપ્યું. ગામના સૌ લોકો રાજાને ત્યાં ભોજનાર્થે ગયાં. તે સમયમાં લોકો આકાશના ટુકડાઓ ખાઈ પોતાનું પેટ ભરતા. રાજાને ત્યાં પણ લોકોએ આકાશના ટુકડાઓ પાત્રમાં લઈ ભોજન કરેલું પણ થયું એવું કે લોકોએ ખાવા કરતા વધારે બગાડ કર્યો .ખાવું થોડું હોય તો પણ પાત્રમાં આકાશના ટુકડાઓ વધારે લેતા .

આ બધુ જોઈને આકાશને ખૂબ દુ:ખ થયું.તે ઉપરથી આ બધુ જોતો હતો. પર્યાવરણના તત્વોનો આવો બગાડ થતો જોઈ તેનું હૈયું દ્રવી ઉઠ્યું. તે જ રાત્રે તેણે રાજાના સપનામાં આવીને કીધું " તમે પ્રકૃતિના તત્વોનો જો આમ જ બગાડ કારશો તો આનું પરિણામ તમારે જ ભોગવવું પડશે અમે તમારી પાસેથી વિનામૂલ્યે તમારી જરૂરિયાતો પૂરી કરીએ છીએ. તો અમને સાચવવાની તમારી પણ ફરજ છે " એમ કહીને આકાશ તો ખૂબ દૂર ઉંચે ચાલ્યું ગયું. આકાશ લગભગ આપણાથી આટલું દૂર એટલે જ છે ! કારણ કે તે પ્રકૃતિના તત્વોનો બગાડ જોઈ ન શક્યું .

પછી શું હતું રાજાએ માફી માગી અને કીધું "અમને માફ કરો હવે અમે પ્રકૃતિના તત્વોનો વિવેકપૂર્વક ઉપયોગ કરીશું , પર્યાવરણને બચાવીશુ અને ભવિષ્યની પેઢીઓને પણ પર્યાવરણ બચાવતા શીખવીશું ."

આપણી સંસ્કૃતિમા પ્રેમ અને લગ્ન

"જોઇને થાય એ આકર્ષણ, જાણીને થાય તે પ્રેમ." આ જ વાક્યને સાર્થક કરતો એક પ્રસંગ..

કબીરજીના લગ્ન તેના ગુરુની દિકરી લાલી સાથે થયા. કબીરના ઝૂપડામા આવીને લાલી રડવા લાગી કે મને તો જમીનદાર સાથે પ્રેમ હતો. મને પરાણે પરણાવી. કબીરજી કહે ચાલ તને ત્યા લઇ જાઉ. લાલી કહે ગાડુ તો ચાલ્યુ ગયુ. ને હુ ચાલુ તો મારા નવા કપડા ખરાબ થાય. કબીર લાલી ને ખભા પર બેસાડીને લઇ જાય છે. રસ્તામા કાદવ, કીચડ, કાટા-કાકરા, કબીરજીને પગમા વાગે છે. લોહી નીકળે છે.

અચાનક લાલી રડતા-રડતા કહે, મને નીચે ઉતારો. કબીર કહે હવે શુ થયુ? લાલી કહે હવે મારે તમારી સાથે જ રહેવુ છે કારણકે જે માણસ મને બીજાને સોપવા માટે આટલી સાચવીને લઇ જાય તે મને આખી જિંદગી કેટલી સાચવશે?

"સામેવાળા પાત્રના સુખને પ્રાથમિકતા આપવી એનુ નામ પ્રેમ"

"હમ દિલ દે ચુકે સનમ ફિલ્મ તો પછી આવી, આવા પ્રસંગ તો આપણા ભારતમા કેટલા બધા છે"

"લગ્ન એ એકબીજાની આંખોમા નહિ પરંતુ એક દિશામા જોઇને સાથે જીવન પૂરું કરવાનો સ્નેહ અને સમજણનો માર્ગ."

પતિ ઘરે આવી ચપલ બહાર કાઢે , ત્યા જ પત્ની તેનો મિજાજ પારખી છોકરાઓને કહી દે , આજે શાંતિ રાખજો, જો જો કઇ તોફાન નહિ કરતા, આજે મગજ ગરમ છે. એ જ પતિ ઓફિસનુ ટેંશન પડતુ મૂકી, ઘરમા આવીને છોકરાઓને પૂછે, કેમ તારી મમ્મીને આજે કઇ થયુ છે? કેમ શાંતિ છે?

પહેલી નજરે જોક્સ જેવુ લાગે. પણ ઊંડા ઊતરીએ તો એક્બીજા માટે સમજણ, સ્નેહ અને કાળજી કેટલી બધી છે? લગ્ન એ એક્બીજાના શોખ કે ડીગ્રી કે પૈસા કે ભૌતિક સુખ સગવડનુ મેચીંગ નહી , પરંતુ એક્બીજાની સ્નેહ, સમજણ, કાળજી, જીવન જીવવાની રીત.....આ બધાનુ મેચિંગ છે.

ખરેખર લગ્ન કરી સાથે જીવવુ, સયુક્ત કુટુમ્બમાં રહેવું, સાથે સાથે ઘરડા થવુ એ માત્ર ભારતીય સંસકુતિમા જ શક્ય છે.



-દિપાલી સરવૈયા

---

What makes life 100% successful?

If you value A to Z equals to 1 to 26 respectively,then.....

- Luck = l+u+c+k=12+21+3+11 = 47% only.
- Knowledge = k to e= 11+14+15+23+12+5+4+7+5=96%
- Hard work= H to k = 8+1+18+4+23+15+18+11= 98%.
- Attitude= A to E= 1+20+20+9+20+21+4+5=100%.



-Rathod Kiran M.



Radadiya khyati

## God knows

God knows the value of beauty,
So He created the NATURE.

God knows the value of dreams,
So He created the NIGHT.

God knows the value of friendship,
So He created the FRIENDS.

God knows the value of love,
So He created the HEART.

God knows the value of colours,
So He created the RAINBOW.

God knows the value of fragrance,
So He created the FLOWERS.

God knows the value of smile,
So He created the CHILED.

God knows the value of speech,
So He created the TONGUE.

God knows the value of culture,
So He created INDIA.

God knows the value of knowledge,
So He created TEACHERS.

God knows the value of good college,
So we have J.J.Kundaliya college.

# દુઆ માંગુ છુ.....

તારી હસીમાં જ મારી આખી
દુનિયા વસી છે અને
તું હમેશા ખુશ રહે તેથી જ
તારા ગમને મારા
આંસુમાં રાખું છુ...

તને કોઈ પણ છીનવી ના લે
મારી પાસેથી આ
નફરતની દુનિયા પણ નહીં તેથી જ
તને મારી આંખોની
કીકીમાં રાખું છુ.....

તુ મને ભૂલી ના જાય અને
હું પણ તને ના ભૂલું
હંમેશા તને જ યાદ કરું અને
તારી જ પૂજા કરું તેથીજ
તને હ્રદય મંદિર માં રાખું છુ.....

પ્રભુને મેં કહી દીધું,
કદાચ જુદા કરો તો બીજા કોઈના
પર ફીદા ના કરજો અને હું
હંમેશા એની જ જુદાઇના વિરહમાં એને જ
માંગુ એવી દુઆ માંગુ છુ...............

-સોલંકી જયેશ પી.



# સાચી સફળતા

એક રાધનપુર નામનું ગામ હતું. ગામ ખૂબ સુંદર અને નાનું હતું . ચકલીના માળા જેવડા ગામમાં બધા હળીમળીને ખૂબ શાંતિથી રહેતા હતા તે ગામમાં એક નામી માણસ હતા તે રામજીભાઈ તે ગામના મુખી પણ હતા .

ગામના મુખી રામજીભાઈએ ગામ માટે ખૂબ કામો કર્યા , ગામની શાળાનું મકાન જર્જરીત થઈ ગયું હોવાથી નવું શાળાનું મકાન બંધાવ્યું , ગામમાં કુવાઓ બંધાવ્યા , ગરીબ લોકોને સારા રહેઠાણની સુવિધા મળી રહે તે માટે આવાસની યોજના હેઠળ ગરીબોને આવાસ બંધાવી આપ્યા.

મુખી ને બે પુત્રો હતા. રાકેશ અ ને કેતન બને ભણવામાં ખૂબ હોશિયાર હતા. રાકેશ ખૂબ મહેનતું છોકરો હતો, જ્યારે કેતન આળસુ હતો. દસમાં ધોરણમાં રાકેશ મહેનત કરીને પાસ થઈ જાય છે, જ્યારે કેતન તેની આળસ ને કારણે પાછળ રહી જાય છે અને અને નાપાસ થાય છે. રાકેશ ધોરણ ૧૦ બાદ શહેરમાં ભણવા જાય છે અને કેતન તેના પિતાનો વ્યવસાય ખેતીમાં જોડાય છે. મુખી તેના પુત્ર કેતન ને સમજાવે છે કે ખેતી આખી જિંદગી કરવા કરતા ભણવામાં આગળ વધવું જોઈએ પણ કેતનને તે સમયે તે સમજાતું નથી અને તે ખેતી કરવામાં લાગી જાય છે.

થોડા વર્ષો માં રાકેશ ભણીને ડોક્ટર બની જાય છે. મુખીને ખુશીનો પાર ર હેતો નથી. ત્યારબાદ રાકેશના લગ્ન સુંદર અને સંસ્કારી છોકરી માલા સાથે થાય છે અને તેજ વર્ષ કેતનના લગ્ન વીણા સાથે થાય છે. બને દિકરાના લગ્ન કરીને મુખી પ્રભુ ભજનમાં દિવસો પસાર કરવા લાગ્યા . વિણા ને રાકેશ- માલા રાધનપુર અવતા તે ગમતું નહોતું કારણ કે રાકેશ નોકરી કરતો અને કેતન ખેતી કરતો હતો એટલે તેને અદેખાઇ થતી હતી.

થોડા સમયબાદ વીણા ને કેન્સરની અસર થઈ જાય છે. કેતન તેની પાછળ ઘણા પૈસા નો ખર્ચ કરે છે, પણ તે સાજી થતી નથી આખરે તે વીણાને શહેરમાં રાકેશ ના ઘરે લઈ જાય છે. રાકેશ તેને એક નામાંકન હો સ્પિટલમાં લઈ જવાનું કહે છે. તે હો સ્પિટલમાં ડોકટરોએ કહ્યું કે કેન્સરની અસર છે તેથી કાબુમાં લઈ શકાય. ઓપરેશન દ્વારા અને તે ઓપરેશનનો ખર્ચ ૩૦ લાખ કહે છે. કેતન પહેલા પણ ઘણા પૈસા નું પાણી વીણાની સારવારમાં તે કરી ચુક્યો હતો. હવે તેની પાસે તેટલા પૈસા પણ નહોતા અને તેના ભાઈ પાસે માંગવાનું વિચારે છે ત્યારે તેને પસ્તાવાનો પાર રહેતો નથી. બને ભાઈઓ તેના બચપણમાં ખોવાઈ જાય છે. બને ભાઈઓ હોશિયાર હતા. તે વિચારે છે કે રાકેશ મહેનત કરીને આગળ આવ્યો તેથી તે પોતે ઇચ્છે તેવી એશો આરામની જિંદગી જીવી શકે છે. જો મેં પણ તે સમયે આળશ ના કરી હોત અને પિતાજી ની વાત માનીને મહેનત કરીને ભણ્યો હોત તો હું પણ આજે ખેતીમાં તનતોડ મહેનત ના કરતો હોત અને કોઈનો મ્હોતાજ ન હોત પણ સમય પાછો વાળીને કોઈને દરવાજો ખખડાવવા આવતો નથી. આમ પસ્તાવો કરી કેતનને ખૂબ દુખ થાય છે. રાકેશ તેને આર્થિક મદદ કરે છે ત્યારબાદ વીણાનું ઓપરેશન થાય છે અને થોડા જ સમયમાં તે તંદુરસ્ત થઈ જાય છે વીણાની પણ આંખો ખૂલી જાય છે કે સુખ : દુખમાં આપણા જ સાથ આપે છે. અને મદદ કરે છે . મહેનતનું મહત્વ સમજ્યા બાદ પસ્તાવા બાદ કેતન પૂરી લગનથી ખેતીમાં મહેનત કરવા લાગી જાય છે અને વીણાની બીમારી પાછળ ખર્ચાયેલા પૈસા કરતા પણ વધારે તે ઉપજમાં મેળવી લે છે.

મુખી ના ઘરમાં પછી પેલા જેવું જ સુખી અને સમૃદ્ધિ પાછા આવી જાય છે. અને બધા હ ળી - મળીને રહેવા લાગે છે.



વાઘેલા ચેતના

કુંડલિયા બી.એડ. કોલેજમાં પ્રવેશોત્સવ

## કુંડલિયા બી.એડ. કોલેજમાં પ્રવેશોત્સવ



શ્રીમતી જે.જે. કુંડલિયા ગ્રેજ્યુએટ ટીચર્સ કોલેજમાં તાજેતરમાં બી.એડ. પ્રવેશાર્થીઓનો પ્રવેશોત્સવ યોજાયો હતો. કાર્યક્રમમાં કેળવણીકાર શ્રી શૈલેષભાઈ સગપરિયા ટ્રસ્ટી ડો. અલ્પનાબેન ત્રિવેદી ઉપસ્થિત હતા. તેઓએ વક્તવ્યમાં શિક્ષકની ભાવી જવાબદારી માટે પ્રેરણાનો સંચાર કર્યો હતો. આચાર્ય ડો. ચિરાગ માઢક, ડો. નિશા રાણીંગા વગેરે ઉપસ્થિત હતા.

## મહિલા સશક્તિકરણ પખવાડીયા અંતર્ગત ઉજવણી



જે.જે. કુંડલિયા ગ્રેજ્યુએટ ટીચર્સ કોલેજમાં મહિલા સશક્તિકરણ પખવાડીયા અંતર્ગત ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમ અંતર્ગત ગીતાંજલી લો કોલેજનાં પ્રિન્સીપાલ ડો. ગોરાબેન એન. ત્રિવેદી હાજર રહયા હતા. ત્યારબાદ ડો. ગોરાબેન દ્વારા સ્ત્રીઓને આર્થિક રીતે મજબુત બનવા તથા પોતાની જાતને મજબુત બનાવવા પર પ્રેરક વકતવ્ય આપ્યું હતું. તથા સ્ત્રી અને પુરૂષ એમ કોઈ ભેદ ગણવા ભાર મુકયો હતો. આ વકતવ્યના અંતે ડો. અલ્પેશભાઈ નાકરાણી દ્વારા આભારવિધી કરવામાં આવી હતી.

## જે.જે.કુંડલિયા કોલેજ દ્વારા નશાબંધી સપ્તાહ ઉજવાયો




જે.જે.કુંડલિયા ગ્રેજ્યુએટ ટિચર્સ કોલેજમાં નશાબંધી સપ્તાહની ઉજવણી કરવામાં આવી હતી. તે અંતર્ગત નશાબંધી અને આબકારી ખાતાના નિયોજક શાંતિભાઈ થાનપુરા, કે. એલ. ચાંગેલા અને અનવર ઠેબા ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમ અંતર્ગત કોલેજના તાલીમાર્થીઓ દ્વારા 'નશો નાશનું મુળ' અને વ્યસન મુક્ત ભારત' વિષયો પર નિબંધ સ્પર્ધા અને વકતૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં પ્રિન્સિપાલ ડો. ચિરાગભાઈ માઢક અધ્યાપક ડો. નિશાબેન રાણિંગા, ડો. અલ્પેશભાઈ નાકરાણી નોન ટીચીંગ સ્ટાફ તથા સર્વે પ્રશિક્ષણાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## જે.જે.કુંડલિયા ગ્રેજ્યુએટ ટીચર્સ કોલેજ



જે.જે.કુંડલિયા ગ્રેજ્યુએટ ટીચર્સ કોલેજમાં સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમ અંતર્ગત કોલેજનાં ભૂતપૂર્વ પ્રિન્સિપાલ ડો. પારૂલબેન દવે તથા સરકાર વલ્લભભાઈ પટેલ વિદ્યાલયનાં ભૂતપૂર્વ પ્રિન્સિપાલ ભરતભાઈ પાઠક ઉપસ્થિત રહ્યા હતા. ભરતભાઈ પાઠક દ્વારા ધ્વજવંદન કરવામાં આવ્યું અને તેઓએ તેમનાં ઉદ્બોધનમાં ફકત કોઈ રાષ્ટ્રીય દિવસે જ દેશને યાદ કરવા કરતાં હરહંમેશ દેશને યાદ કરવા પર ભાર મુકયો હતો.

## કુંડલીયા ટીચર્સ કોલેજમાં મહિલા સશક્તિકરણ પખવાડીયાની ઉજવણી



રાજકોટ : શ્રીમતી જે. જે. કુંડલીયા ગ્રેજ્યુએટ ટીચર્સ કોલેજમાં મહિલા સશક્તિકરણ પખવાડીયાની ઉજવણી કરાઈ હતી. આ કાર્યક્રમ અંતર્ગત ગીતાંજલી લો કોલેજના પ્રિન્સીપાલ ડો. ગોરાબેન એન. ત્રિવેદીએ સ્ત્રીઓને આર્થીક મજબુત બનવા અને પોતાની જાતને મજબુત બનાવવા પર પ્રેરક વકતવ્ય આપેલ. અભયમ સેવાના કાઉન્સેલર કૃપાલીબેન ત્રિવેદી અને હિરલબેન આ તકે ઉપસ્થિત રહ્યા હતા. અંતમાં આભારવિધિ ડો. અલ્પેશભાઈ નાકરાણી અને ડો. નિશાબેન રાણીંગાએ કરી હતી. સમગ્ર કાર્યક્રમની સફળતા માટે કોલેજના આચાર્યશ્રી ડો. ચિરાગભાઈ માઢક અને કોલેજ સ્ટાફગણ તથા વિદ્યાર્થીગણે જહેમત ઉઠાવી હતી. કોલેજ ટ્રસ્ટી ડો. અલ્પનાબેન ત્રિવેદીએ કાર્યક્રમને બિરદાવ્યો હતોલ. (૧૮.૩)

## કુંડલિયા કોલેજમાં વ્યસનમુકિત કાર્યક્રમ



રાજકોટ: જે.જે. કુંડલિયા ગ્રેજ્યુએટ ટીચર્સ કોલેજમાં નશાબંધી અને આબકારી ખાતા હેઠળ અમદાવાદથી આવેલ 'પૂર્વી આર્ટ થિયેટર્સ' દ્વારા વ્યસન મુકિતનાં પ્રચાર માટે નાટક ભજવવાયું હતુ લેખક દિગ્દર્શક ભરત પંચોલીનુ નાટક 'ચૂડી ચાંદલો' રજૂ કરવામાં આવ્યું હતુ. આ કાર્યક્રમમાં શાંતિલાલ થાનપુરા નશાબંધી ખાતાના આચાર્ય ચિરાગભાઈ માઢક, ડો. નિશા રાણીંગા, ડો. અલ્પેશ નાકરાણી તથા બી.એડ.ના તાલીમાર્થીઓ...

## કુંડલિયા કોલેજના પ્રશિક્ષાર્થીઓનું સ્વાગત



રાજકોટ | જે.જે. કુંડલિયા ગ્રેજ્યુએટ ટીચર્સ કોલેજ દ્વારા પ્રવેશોત્સવનો કાર્યક્રમ યોજાયો હતો. વર્ષ 2016-18ના પ્રશિક્ષાર્થીઓનું તીલક અને પુષ્પગુચ્છ આપી સ્વાગત કરાયું હતું. એસ.વાય.ના તાલીમાર્થીઓ દ્વારા સર્વે કોલેજની પરંપરાઓથી માહિતગાર કરવામાં આવ્યા હતા. કોલેજના ટ્રસ્ટી ડો. અલ્પનાબેન ત્રિવેદી, શૈલેષ સગપરિયા, કોલેજના આચાર્ય ડો. ચિરાગભાઈ માઢક, ડો. નિશા રાણીંગા, ડો. અલ્પેશ નાકરાણી, એસ.વાય, એફ.વાયના તાલીમાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## મહિલા સશક્તિકરણ પખવાડિયા અંતર્ગત ઉજવણી



જેજે કુંડલીયા ગ્રેજ્યુએટ ટીચર્સ કોલેજમાં મહિલા સશક્તિકરણ પખવાડીયા અંતર્ગત ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમ અંતર્ગત ગીતાંજલી લૉ કોલેજના પ્રિનસીપાલ ડો. ગોરાબેન ત્રિવેદી હાજર રહ્યા હતાં. ડો. ગોરાબેન દ્વારા સ્ત્રીઓને આર્થિક રીતે મજબુત બનવા તથા પોતાની જાતને મજબુત બનાવવા પર પ્રેરક વકતવ્ય આપ્યું હતું તથા સ્ત્રી અને પુરૂષ એમ કોઈ ભેદ પાડવાને બદલે બધાને માનવ તરીકે ગણવા ભાર મુક્યો હતો. આ વકતવ્યના અંતે ડો. અલ્પેશભાઈ નાકરાણી દ્વારા આભારવીધી કરવામાં આવી હતી.

# કચકડે કંડારાયેલી સ્મૃતિઓની ઝલક.....



જાહેર સ્થળે જન જાગૃતિ કાર્યક્રમ અને રંગોળી સ્પર્ધા



જાહેર સ્થળે જન જાગૃતિ કાર્યક્રમ અને રંગોળી સ્પર્ધા



ધુળેટી અને ગાંધી જયંતિની ઉજવણી



સ્વ. લાભુભાઈ ત્રિવેદીની પૂણ્ય તિથી અને હિન્દી દિવસ ઉજવણી

# કચકડે કંડારાયેલી સ્મૃતિઓની ઝલક.....





સર્જનાત્મક પ્રવૃત્તિ અંતર્ગત પ્રશિક્ષાર્થીઓનું સર્જન





સ્ત્રી સશક્તિકરણ સપ્તાહ અંતર્ગત મેરીકોમ ફિલ્મ નિદર્શન અને નાટક





નવરાત્રી મહોત્સવની ઉજવણી






સામાજિક સેવાકિય પ્રવૃત્તિ અંતર્ગત અનાથાશ્રમની મુલાકાત

# કચકડે કંડારાયેલી સ્મૃતિઓની ઝલક...







સપ્તધારા પ્રવૃત્તિઓની ઝલક







સૌરાષ્ટ્ર યુનિવર્સીટી યુવક મહોત્સવમાં સહ ભાગીદારી








સૌરાષ્ટ્ર યુનિવર્સીટી યુવક મહોત્સવમાં સહ ભાગીદારી







સૌરાષ્ટ્ર યુનિવર્સીટી યુવક મહોત્સવમાં સહ ભાગીદારી

# કચકડે કંડારાયેલી સ્મૃતિઓની ઝલક.....





અવિસ્મરણીય નૃત્ય સંગમ, ઝવેરચંદ મેઘાણી જયંતી ઉજવણી





રાખડી સ્પર્ધા અને શિક્ષકદિનની ઉજવણી





બાયસેગ સંધાન દ્વારા શિક્ષણ, સ્વચ્છતા અભિયાન





પ્રવેશોત્સવ ૨૦૧૬ - ૨૦૧૮

## કચકડે કંડારાયેલી સ્મૃતિઓની ઝલક.....























## ભાવિ શિક્ષકોની પીંછીએ દોરાયેલી કલાકૃતિ

# કચકડે કંડારાયેલી સ્મૃતિઓની ઝલક.....





## તજજ્ઞીય વ્યાખ્યાન : વૈશાલીબેન પારેખ, જય વસાવડા, હિમાંશુ રાણીગા





## તજજ્ઞીય વ્યાખ્યાન : મિતેષભાઈ, ડો. બળવંત જાની, નાગાણી સાહેબ,





## સુરક્ષા સેતુ સોસાયટી કાર્યક્રમમાં પધારેલા તજજ્ઞીય વ્યાખ્યાનકારશ્રીઓ







## તજજ્ઞીય વ્યાખ્યાન : ડો. કીરીટભાઈ દેસાઈ, ડો. જે.એસ.ઉપાધ્યાય

# કચકડે કંડારાયેલી સ્મૃતિઓની ઝલક.....







## જનજાગૃત્તિ કાર્યક્રમ અંતર્ગત થેલેસેમીયા ટેસ્ટ શિબિર








## રક્તદાન શિબિરની સામાજિક સેવાકીય પ્રવૃત્તિ







## ગુરૂ પૂર્ણિમાના પાવન પર્વની ઉજવણી







## કબા ગાંધીના ડેલે ગાંધી નિર્વાણ દિનની ઉજવણી

# કચકડે કંડારાયેલી સ્મૃતિઓની ઝલક.....








## નશાબંધી સંબંધીત વકતૃત્વ સ્પર્ધાના સ્પર્ધકો તથા નિર્ણાયકશ્રીઓ








## મધર ટેરેસા આશ્રમ તથા લોક વિજ્ઞાન કેન્દ્રની મુલાકાત










## વ્યસન મુકિત સપ્તાહ તથા માતૃભાષા દિવસની ઉજવણી







## એમ.એડ્. ઈન્ટર્નશીપની સુમધુર યાદો

# કચકડે કંડારાયેલી સ્મૃતિઓની ઝલક.....





વ્યસન મુક્તિ રેલી, સ્વ. ઉર્મિલાબેન પટેલને શ્રધ્ધાંજલી, વૃક્ષારોપણ





સુરક્ષાસેતુ સોસાયટી નૃત્ય તાલીમ શિબિર





સુરક્ષાસેતુ સોસાયટી કમ્પ્યુટર તાલીમ શિબિર





સ્નેહ નિર્ઝર સંસ્થાની મુલાકાત

# કચકડે કંડારાયેલી સ્મૃતિઓની ઝલક.....




## ચિત્રનગરી અંતર્ગત વોલ પેઈન્ટિંગ



## સરદાર પટેલ લાયબ્રેરીમાં આંતર-રાષ્ટ્રીય મહિલા દિનની ઉજવણી



## વિશ્વ યોગ દિવસની ઉજવણી




## સુવર્ણ જયંતિ વર્ષની ઉજવણી અને એથલેટ્સ મીટ ૨૦૧૬

# કચકડે કંડારાયેલી સ્મૃતિઓની ઝલક.....



શિક્ષક દિનની ઉજવણી



શૈક્ષણિક પ્રવાસમાં ગીત સંગીતની રમઝટ તથા એડ્વેન્ચર્સ પ્રવૃત્તિ




પરિચય પ્રવાસની સુમધુર યાદો



ડો. પારૂલબેન દવે, અશોકભાઈ મેરનો વિદાય સન્માન સમારંભ

# કચકડે કંડારાયેલી સ્મૃતિઓની ઝલક.....



શૈક્ષણિક સાધન સંદર્ભ પ્રદર્શન



ક્રિસમસની ઉજવણી ગીફ્ટ એક્ષચેન્જ દ્વારા



રાષ્ટ્રીય પર્વની ઉજવણી



કેરીયર ગાઈડન્સ, ગાંધી ક્વીઝ અને અભયમ યોજનાની માહિતિ

# રમતોત્સવ



મહાત્મા ગાંધી ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા સુવર્ણજયંતી નિમિત્તે રાજકોટ પોલીસ સુરક્ષા સેતું દ્વારા એથ્લેટિક રમતોત્સવનું સૌરાષ્ટ્ર યુનિવર્સિટી ખાતે આયોજન કરવામાં આવ્યું હતું. આ રમતોત્સવમાં દોડ, લોંગ જંપ, હાઈ જંપ, ગોળાફેંક સહિતની રમતોમાં વિદ્યાર્થીઓએ ઉત્કૃષ્ટ દેખાવ કર્યો હતો.

# અભૂતપૂર્વ 'નૃત્યસંગમ', શહેરીજનો થયાં રસતરબોળ

ફોટો : મુકેશ રંગાણિયા



કહેવાય છે કે, નૃત્ય અને સંગીતને કોઈ સિમાડા હોતા નથી તેની અભિવ્યક્તિ વૈશ્વિક હોય છે. નૃત્ય અને સંગીતની આવી જ એક અભૂતપૂર્વ પ્રસ્તુતિ શહેરમાં થઈ હતી. મહાત્મા ગાંધી ચેરિટેબલ ટ્રસ્ટની સ્થાપનાને ૫૦ વર્ષ પૂર્ણ થતાં નૃત્યોત્સવ નૃત્યસંગમનું આયોજન કરવામાં આવ્યું હતું. ૪૫૦થી વધુ વિદ્યાર્થીઓ ભારતીય લોક નૃત્ય શાસ્ત્રીય નૃત્ય અને અર્વાચીન ડાન્સનો ત્રિવેણીસંગમ કર્યો જેણે શહેરીજનોને મંત્રમુગ્ધ કર્યા હતા.




## મહાત્મા ગાંધી ચે.ટ્રસ્ટ દ્વારા એથ્લેટીક્સ મીટ યોજાઈ

શિક્ષણ ક્ષેત્રે છેલ્લા ૫૦ વર્ષથી કાર્યરત મહાત્મા ગાંધી ચેરીટેબલ ટ્રસ્ટ, ૨૦૧૫નું વર્ષ "સુવર્ણ જયંતિ વર્ષ" તરીકે ઉજવી રહ્યું છે. જેના ભાગરૂપે આગામી તા. ૩૦/૧૨ તથા તા. ૩૧/૧૨ના રોજ "એમ.જી.સી.ટી. એથ્લેટીક્સ મીટ-૨૦૧૫" સૌરાષ્ટ્ર યુનિવર્સિટી [illegible]

## કુંડલીયા કોલેજના વિદ્યાર્થીઓ સ્નેહ નિર્ઝર આશ્રમની મુલાકાતે



અભ્યાસક્રમના ભાગરૂપે અપવાદરૂપ બાળકોના શિક્ષણની પ્રણાલીથી સ્વાનુભાવે માહિતગાર કરવાના ઉમદા હેતુ સહ કુંડલીયા કોલેજ માંથી તાલીમાર્થીઓને સ્નેહ નિર્ઝર આશ્રમની મુલાકાતે લઈ જવામાં આવ્યા હતા. ત્યાં મંદબુદ્ધિના બાળકોને આપવામાં આવતા શિક્ષણ વિશે ત્યાંના આચાર્યએ માર્ગદર્શન આપ્યું હતું. જ્યાં બાળકોને સામાજિક જીવનનું જ્ઞાન આપવામાં આવે છે. ત્યારબાદ સહ તાલીમાર્થીઓએ આ બાળકોની મુલાકાત લીધી હતી. પ્રશિક્ષાર્થીઓ સર્વાંગી વિકાસ કરવા તથા ભાવિ શિક્ષકોમાં સાંસ્કૃતિક આયોજનની સુઝ કેળવાય તે માટે કોલેજમાંથી સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં યોજનામાં આવેલા યુવક મહોત્સવમાં ગયા હતા ત્યાં એકાંકી, નૃત્ય, ભજન, કાર્ટુનેરી, શાસ્ત્રીય નૃત્ય, નાટક, વગેરે જેવા કાર્યક્રમો નિહાળ્યા હતા. આ કાર્યક્રમમાં કોલેજના આચાર્ય ડો. ચિરાગ માઢક, ડો. નિશાબેન રાણીગા, ડો. અલ્પેશ નાકરાણી શ્રી ભૂપતભાઈ ગોસાઈ તેમજ સહ તાલીમાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.



જે.જે. કુંડલીયા બી.એડ. કોલેજમાં માતૃભાષા દિનની ઉજવણી અંતર્ગત ઉદ્દિશ વક્તા કલબના ડો.જે. એસ. ઉપાધ્યાય (આસી. પ્રોફેસર ધર્મેન્દ્રસિંહજી આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ) ઉપસ્થિત રહ્યા હતા. જેમાં તેઓએ માતૃભાષામાં શિક્ષણ મેળવ્યા બાદ ઉચ્ચ અભ્યાસ અને કારકીર્દીની તકો વિશે માહિતી આપી હતી. તથા માતૃભાષાનું મહત્વ અને તેના પ્રત્યે ગૌરવની લાગણી વ્યક્ત કરી હતી તથા કાર્યક્રમમાં બી.એડ.ના ચાર પ્રશિક્ષાર્થીઓએ વકતૃત્વ દ્વારા માતૃભાષા પ્રત્યેનો પ્રેમ વ્યક્ત કર્યો હતો. આ કાર્યક્રમમાં કોલેજના આચાર્ય ડો. ચિરાગભાઈ માઢક, ડો. નિશા રાણીગા, ડો. અલ્પેશ નાકરાણી તથા કોલેજના તાલીમાર્થી અને એમ.એડ.ના પ્રશિક્ષાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ટ્રક ડ્રાઈવર

યુવાન શરીરમાં ધસમસતા લોહીની જેમ ટ્રક રાષ્ટ્રીય ધોરી માર્ગ નં 8 પર દોડતી હતી.
હુ ડ્રાઈવરની કેબિનમાં ડાબી બાજુના ખૂણામાં બેઠો હતો.વાતાવરણ ખૂબ જ સરસ હતુ.
મારી આગળ જ કેબિનમાં ક્લિનર બેઠો હતો.મારી જમણી બાજુએ એક વાતોડિયો મુસાફર બેઠો હતો.
ડ્રાઈવર મજબૂત બાંધાનો હતો. એણે લુંગી અને ભડકામણા રંગવાળુ ખમીસ પહેર્યા હતા
એના વાળ ટૂંકા અને ઉભા ઓળેલા હતા. એને જોઇને જ મને એવુ લાગતુ હતુ ક એ ટ્રક ડ્રાઈવર થવા જ સર્જાયેલો હતો.
ટ્રક ડ્રાઈવર ખાસ કંઈ બોલતો ન હતો પણ સમય મળ્યે મારી સામે જોઇ હસી લેતો હતો મને એવુ લાગ્યુ કે તે મને ઓળખતો હતો. હુ અટકળ બાંધતો હતો ત્યાં ક્લિનરે ભાડુ ઉઘરાવવનુ શરૂ કર્યુ.મારી બાજુમાં બેઠેલા બધા મુસાફરો પાસેથી ભાડુ લીધા પછી એણે મારી સામે હાથ લાંબો કર્યો.હુ ખિસ્સામાંથી પૈસા કાઢતો હતો ત્યાં જ ડ્રાઈવરે એને કહ્યુ કે; 'એમનું ભાડુ નથી લેવાનુ,'
હવે તો મારા આશ્ચર્યનો પાર ન રહ્યો. મને લાગ્યુ કે એને મજાક સૂઝી હશે. ટ્રાફિકમાંથી રાહત મળતાં જ એણે મને પૂછ્યુ; 'ઓળખાણ ન પડી ને?'
'ના'. મેં કહ્યુ.
આપણે ઘણા સમયે ભેગા થયા છીએ. પણ હુ તો તમને તમે ટ્રકમાં ચડ્યા ત્યારથી જ ઓળખી ગયો છુ.'
એના ચહેરાને ઓળખવા હુ મારી યાદશક્તિની ધાર કાઢતો રહ્યો...
'તમે ભણવામાં દર વર્ષે પહેલો નંબર લાવતા હતા ને
?'
એણે પુછ્યુ.
'હા' મારાથી હસી પડાયું.
'તમારી યાદશક્તિ તો બહુ તેજ હતી ને ?' એણે હસતા હસતા પૂછ્યું. એના પ્રશ્નમાં રહેલી મજાક મારાથી છાની ન રહી.
'હા' મારે જવાબ આપવો પડ્યો.
હુ 'શંકર ડિ. રાઠોડ.' એણે હસી પડતા કહ્યુ;
શંકર ખૂબ બદલાય ગયો હતો. જરાય ઓળખાય એવો નોતો રહ્યો.
એવામાં કરજણ ચોકડી આવતા હુ ઉતરી ગયો.
હુ ટ્રકને જતી જોઇ રહ્યો.ટ્રક્ની પાછળ 'ફિર મિલેંગે' એવુ લખ્યુ હતુ, પરંતુ ક્યાં મળવુ એની નહોતી શંકરને ખબર કે નોતી મને.
હવે ... હું હતો, મારૂ મન હતું ને મનમાં શંકરનો સણસણતા તીર જેવો સવાલ હતો : 'તમારી યાદશક્તિ તો બહુ તેજ હતી ને ?'

સંકલન – જિતેશ સોરાણી.



# માતા પિતા

" જ્યારે હું યાદ કરું ત્યારે યાદ માં વહી જાઉં છું
બસ તેની યાદમાં જ આંખ મારી ભરી જાઉં છું
જગત માં બસ એકજ આદમી જેના પર હું હારી જાઉં છું
એ જ મારા પપ્પા ને લાડકી હું બોલી જાઉં છું "

પિતા બસ એકજ આદમી કે જેના પર જગત ની સ્ત્રી , દિકરી અને પૌત્રી આંખ મીંચી ને વિશ્વાસ કરે છે, આ વ્યક્તિ મને કોઈ દિવસ દુ:ખી નહીં કરે .

દુનિયા માં સ્ત્રી જ્યારે જન્મ લે છે ત્યારે તે વાસ્તવિકતા ની દ્રષ્ટિએ તો એકજ વખત જન્મ લે છે પરંતુ હકીકત માં તે ત્રણ વખત જન્મ લે છે (૧) દિકરી (૨) પત્ની (૩) માં . આ ત્રણ અવતાર ધારણ કરવામાં સૌથી વધારે પ્રેમ , હેત, માયા ,લાગણી જો કોઈના પ્રત્યે હોય તો તે એકજ પિતા છે .

પિતા તથા માતા શબ્દ સાંભળતા અને બોલતા હૈયું ભરાઈ જાય છે , અને મીઠાસ છવાઇ જાય છે દરેક પિતા હમમેશા તેના સંતાનો માટે પોતાના શોખ ને , અરમાનોને તેમજ તેની ઇચ્છાઓ ને ત્યજીને તેમના અરમાનો પૂરા કરવા માટે તેનું ભવિષ્ય ઉજળું કરવા માટે સતત પ્રયત્નશીલ બનતા હોય છે .મિત્રો આજે હું મારા અંતર ની વાત તમારી સમક્ષ મૂકવા જઇ રહી છું તમે ધ્યાનથી સાંભળો ........

આજના આધુનિક યુગ માં દરેક યુવા પેઢી તેની ઉંમર પ્રમાણે ની લાગણી ના ધોડાપુર માં વહી જાય છે અને ન ભરવા જોઈ તેવા પગલાં ભરી માતા પિતા માટે શરમજનક કાર્ય કરી તેમની આશાઓ ઉપર પાણીના ઘોડાપુર વહેડાવી દે છે .તો આવી પરિસ્થિતિ માં અમારી કોલેજ માંથી જે મેગેઝિન પ્રસારિત કરવામાં આવે છે , તેના દ્વારા દરેક દિકરી ને હું એક સલાહ આપીશ કે જ્યારે પણ ખોટા વિચારો આપની સમક્ષ રજૂ થાય છે તેવા કૃત્યો કરવા ની ઇચ્છા થાય છે ત્યારે બસ આંખા બંધ કરી શાંતિથી તમારા આખો દીવસ મહેનત મજૂરી કરતાં પિતાનો ચહેરો યાદ કરી લેજો. બસ બધુજ ભૂલાય જશે અને તમે વિકટ પરિસ્થિતીમાંથી ઉગરી જશો .



-વાઘેલા નિકિતા

મને ફરીથી બાળક બનવું છે
મને બાના હાથેથી જમવું છે.
મને ફરીથી બાળક બનવું છે.
મને પિતાની પાછળ સાઈકલમાં બેસી શાળાએ
જવું છે.
મને ફરીથી બાળક બનવું છે.
મને શેરીના મિત્રોની સાથે રમવું છે.
મને ફરીથી બાળક બનવું છે.
મને છાપું વાચતા દાદાને હેરાન કરવા છે.
મને ફરીથી બાળક બનવું છે.
મને દાદી પાસે બેસીને પરીની વાર્તા
સાંભળવી છે.
મને ફરીથી બાળક બનવું છે.
મને છેલ્લી પાટલીએ બેસીને શાળામાં મિત્રો
સાથે ધીંગા-મસ્તી કરવી છે.
મને ફરીથી બાળક બનવું છે.
મને શિક્ષક્નો ઠપકો સંભાળવો છે.
મને ફરીથી બાળક બનવું છે.
મને નાનકડી ઢીંગલી બેન સાથે નાની-નાની
વાતમાં લડવું છે.
મને ફરીથી બાળક બનવું છે.



- ધડા સબાના

ગીત = બેનીનો ભાઈને સંદેશો
(રાગ : ગંગા મૈયામેં જબ તક ...)
હો પારેવા તું ઊડીને મયર જાજે
મારા ભૈયાને મારો સંદેશો દેજે
સંદેશો દેજે રે .......ભૈયા હો મેરે ભૈયા...(૨)
હું તો નાની હતી તારી પરી હતી
સંગે નાચી કુદી ઢીંગલી છૂટી પડી
તારા વિયોગે વીર આજે ઊભી રહી
હું તો ઊભી રહી ભૈયા.............
ભાઈબીજની ઘડી આજે આવી રૂડી
પ્રેમે થાળી કરી વીરા તારે કાજે
જમવા માટે આજે હું તો વાટડી જોતી રહી
હું તો રડી રહી ......ભૈયા........
સ્નેહના તાંતણે રાખડી બનાવી
હૈયાના ભાવથી રક્ષા કરવા
વીરના વ્હાલના આંસુની ધારા વહી રહી
હું તો રડી રહી ભૈયા.........
દોરના ધાગાની બની રાખડી
મે તો બાંધી વીરા તારે હાથે
જો જે રક્ષાનો તાંતણો તૂટે નહિ
હું તો રડી રહી ભૈયા...........
તારી બેની રૂવે છે તારી યાદમાં
હું વસી વસી છું વીરા પરદેશમાં
તારી યાદે આજે વીરા જાગી રહી
હું તો રડી રહી ભૈયા......



- પંડ્યા ભૂમિકા

# JJK

એવી શૈક્ષણિક મેહફિલ કે જેમાં જીવનના ખુદના ખુદાને પણ મળી શકાય.
એ નિશા અને દેવાલય કેટલા પવિત્ર અને તેજોમય હશે,
કે જ્યાં અલ્પ ઇશની પ્રાર્થના સંપૂર્ણ ચિરાગ દિપાવીને કરવામાં આવે છે
ને આદર્શો અને મૂલ્યોની રેખાઓની નિરંતર પૂજા થાય છે.
કોઈ એવા પણ સંજય મળી જાય છે મહેફિલ ની રાહે
જે બંધ આંખોના અંધકારમાં પણ રોશની રૂપી કિરણ ફેલાવી દે છે.
જેની ખ્યાતિ ખુદનો ખુદા પણ ન જાણતો હોય
તેવા દર્પણના ચહેરાને જોવા આંસુઓના અરજણ મળી જાય છે.
હતી જેની યાદો અમારા મનમાં વર્ષોથી અકબંધ
ને તેને ઉજાગર કરવા રોજ નવા નાઝ દિપી ઊઠે છે.
તોય જિંદગીની ખુશીઓમાં દર્દોની ખુમારીઓનો વિજય થઈ જાય છે.
પૂજાના ફૂલ હાથમાં લઈ હું શું કરું ?
ઈશ્વરમાં શ્રધ્ધા રહે ને પાનખરમાં મેહુલિયો વરસે એવું ક્યાં બને છે ?
પ્રેમનો રોગ યુગોથી અક્ષય છે તો પણ
જિંદગીમાં ઉમંગોના તરંગો હોય એવું ક્યાં બને છે.
હાથોમાં ભાગ્યનું સેજળ છાંટીને નસીબને જોયા કરતો
પણ એકલતાની પાયલને વાચા આપે એવી વિરલ વિભૂતિઓ આજકાલ ક્યાં મળે છે.
નિત -નવા ગુલાબોને ક્યાથી માનવું
આખરે મારી પાસે તો દેવા માટે શુભાંજલી જ છે.
સમયના સંગાથે ચાલુ તો પણ મંઝીલો મારી ધવલમય જ હોય છે.
વાત મારા મનની કોઈ જાણી ગયું હશે?
હશે તે વ્યક્તિ ચંચળ મનની દેવી
નહિતર હું મારા નયનને જ કહી દેત, કે વર્ષોની અભિલાષા પેલા કાજલમાં હશે.
મારા જીવનના જડ ખ્યાલોમાં કોને ચેતના પૂરી હશે?
જે હશે તેણે પોતાના મનને જોયું હશે તેવી પવિત્ર કોઈ વનિતા હશે.
જો જો, હો? ધર્મપ્રેમી, હૃદયપ્રેમી અને કર્મપ્રેમી પણ છુ
ને પેલા રાધા,મીરા,નરસિંહના ક્રિષ્નનો ભક્ત પણ છુ.
કોણ મને કારણ કહેશે કે મને મહેફિલમાં એકલતામાં પણ અશાંતિ લાગે છે
જે નિશા ચંદ્રસરિખા નીલમ જેવી હોય તેવા જામોને પીનારા દેવરાજ કોણ હવે લાગે છે

આપ આંસુઓને નયનમાં આમંત્રણ આપો, ને હું દર્દોને સાદ પાડીને બોલવું છુ,
જયેશ(હે ઈશ્વર !) એ મિલન લાગણીનું કેટલું દીપી ઉઠશે,
પણ પરેશ(હે પરમ કૃપાળુ!) તે ઘટના પણ એટલીજ નિરાલી હશે
જીવનની અંતિમ ક્ષણોને યુવાનીમાં જોવાની એક અમર આશા મુજ હૈયામાં ક્યાથી પ્રગટે છે,
ને પછી હૃદય ના એક એક ધબકારમાં ભાવનાની ઝાખીઓ થાય છે
પછી ખબર પડે છે જીવનની શરીરની ક્ષીણતામાં ઉમરના શૈલેષ રોજ મળતા નથી
હલ ન થઇ શકે તેને હલ કરી રહ્યો છુ બસ, આપ વિનાના સંગાથમાં આજની કાલ કરી રહ્યો છુ
બસ, એટલી જ વ્યથા અમે કહી શકયા, અમે આપની મહેફિલમાં
કેમ કે તમ જેવા સજ્જનો અમારી ખુશીઓ અને હોઠોના સ્મિતને જ હૃદયપૂર્વક આમંત્રણ
પાઠવ્યું હતું.



- હાર્દિક પરમાર

---

## એક શબ્દ



એક ફૂલ હતું આ બાગમાં, તે ફૂલ તમે ચૂંટી ગયા,
એક મન હતું આ તનમાં, તે મન તમે ચોરી ગયા,
આ રાત પાસે તારા ઘણા, તારા બની ચમકી ગયા,
આ આંખમાં શમણા ઘણા, એ શમણા તમે ચોરી ગયા,
આ કાળી ઘનઘોર વાદળી, ઝરમર બની વરસી ગયા,
જીવનરૂપી મારી ગઝલ, શબ્દો તમે ચોરી ગયા,

-સુમરા નાઝમીન

---

## લખું છું



નથી શોખ મને લખવાનો,
બસ ગમને ભૂલાવવા લખું છું.
થઈ ગયો હતો જે પ્રેમ,
એ પ્રેમને ભૂલવા લખું છું.
બધા લોકો કહે છે આ પ્રેમ કિસ્મત વાળાને મળે છે,
પરંતુ હું કિસ્મતને મિટાવવા લખું.
હું સપનાને માની બેઠો હતો તો સાચું,
આ સપનાને ભૂલવા લખું છું.
નથી શોખ મને લખવાનો
બસ ગમને ભૂલાવવા લખું છું.

ડાભી મેહુલ

## જિંદગીની સફરમાં

જિંદગીમાં હર એક કદમને હિમ જેવી
આફતો નડતી હોય છે,
પણ ક્યારેક હિમને ઓગાળવા માટે
સહેજે તડકો પણ મળી જાય છે.

અંતરમાં અમીની ક્યાં કમી છે ? તોય
ઘણા કહે છે કે તમે કડવા છો,
પણ ક્યારેક તો એ કડવા લીમડે પણ
કોયલ મીઠું ટહુકી જાય છે.

મારી જિંદગી કેવી ? એક નાનકડી
બંધિયાર તલાવડી જેવી,
પણ ક્યારેક તો એ બંધિયાર તલાવડીમાં
પણ કમળ ખીલી જાય છે.

જ્યારે પણ પાનખરની ઋતુ આવે છે ત્યારે...

એ પાનખરની ઋતુમાં એક પાન
પણ રહેતું નથી.
પણ એ પાન વગરના ખાખરાના ઝાડ પર
કેસુડાંના ફૂલો પણ ખીલી જાય છે..

લખવા માટે ક્યારેય કલમ પકડવાની
હિમ્મત કરી નથી,
તો ક્યારેક કોઈના માટે પૂરી કવિતા
પણ લખાય જાય છે....



-નીલમ તલસાણીયા

## માં તું કેમ વિસરાય ...

માં તું કેમ વિસરાય, માં તું કેમ વિસરાય,
નવ મહિના પેટમાં રાખી મારું ધ્યાન રાખતી,
હું નાની હતી ત્યારે ભીનામાં તું સૂઈ જતી,
અને સૂકામાં મને સુવડાવતી,
માં તું કેમ વિસરાય,માં તું કેમ વિસરાય.
નાની હતી ત્યારે આંગળી પકડી ને ચાલતા શીખડાવતી,
હું રડતી ત્યારે આંસુ તું લૂંછતીછતી,
મને ભૂખ લગતી ત્યારે સરસ મજાની વાનગી બનાવતી,
માં તું કેમ વિસરાય,માં તું કેમ વિસરાય.
સ્કુલે ભણવા જતી ત્યાં બે ચોટલા લઈ દેતી,
શિક્ષક જે ગૃહકાર્ય આપે તે મારી પાસે કરાવતી,
સ્કુલે થી હું જયારે ઘેર આવતી ત્યારે તારા હાથે મને
જમાડતી,
માં તું કેમ વિસરાય,માં તું કેમ વિસરાય.
મારા મન ની વાતો મારા મોઢા પરથી જાણી મને જ
કહેતી,
તારે સાડીની જરૂર હોય તો પણ તું ના લેતી,
અને પહેલા મને ગમતો ડ્રેસ લઈ દેતી,
મારા માટે તું પપ્પાની ડાટ સાંભળતી,
માં તું કેમ વિસરાય,માં તું કેમ વિસરાય.
ઘર ના બધા સદસ્યોનું ધ્યાન રાખતી,
બધાને નિ:સ્વાર્થપણે પ્રેમ કરતી,
આખી દુનિયામાં તારું સ્થાન કોઇ ન લઈ શકે એવી,
માં તું કેમ વિસરાય,માં તું કેમ વિસરાય.



-દયાળા વિભૂતિ


કૈલાસ માનસરોવર યાત્રા
શ્રીનાથ
ટુર્સ & ટ્રાવેલ્સ
ભાઈ બીજ, મથુરા - જમનાપાન, સાથે અને જોવાલાયક ચાર ધામ બાર જ્યોતિર્લિંગ સાથે સમસ્ત ભારતના પ્રખ્યાત શહેરો, પુરાપન કિલ્લાઓ, પવિત્ર નદી સ્નાન, નેપાળ, પશુપતિનાથ, જગન્નાથપુરી, હિમાલયના ચારધામ, કન્યાકુમારી, તિરૂપતિ બાલાજી, જેવા અનેક તિર્થ દર્શન પ્રવાસ
યાત્રા પ્રવાસ, ફેમીલી તથા ગ્રુપ ટુર, સ્કુલ પ્રવાસમાં જમવા રહેવા સહીત આયોજન કરી અપાશે.
લગ્ન પ્રસંગે, નાની-મોટી એ.સી. તેમજ નોન એ.સી. ૧×૨, ૨×૨ તેમજ સ્લીપર લક્ઝરી બસ ભાડે મળશે.
અક્ષર એપાર્ટમેન્ટ, પહેલો માળ, જય ગણેશ શો-રૂમની બાજુમાં, ૧૫૦ ફુટ રીંગ રોડ, રાજકોટ. ફોનઃ ૦૨૮૧-૨૫૭૧૬૧૩
શૈલેષભાઈ પટેલ : ૯૮૨૪૨ ૨૮૬૧૩, ૯૪૨૭૭ ૨૮૫૧૩, ૮૦૦૦૦ ૧૩૦૧૩ ઉકાભાઈ ડી. પટેલ : ૯૪૨૭૬ ૯૨૦૧૬ કાલાવડ ઓફિસ : ૦૨૮૯૪-૨૨૨૧૦૮


PATHAK SCIENCE ZONE
MARUTI SCIENCE WORLD
PATHAK BOOK SUPPLIER
One Stop Solution for all the Educational Requirement
We are specialized in
Laboratory Equipments
Science Kit, Maths Models
Handmade Science Projects
Map - Charts, Library Books
Psychology Lab Equipment
Education CDs, VCDs
Notice Board, Green Board,
White Board etc.
Book Fair Organizer
All Type of Boards
Working Models
Psychology Equ.
Electric Equipments
Edu. VCDs / DVDs
Fiber Models
7, Raj Chambers, 5- Rajputpara, Opp. Malaviya Petrol Pump, Gondal Road, Rajkot Email : pathak.sciencezone@gmail.com
Ph : 0281 - 2220007, 2239967, 94282 99310, 94266 02120
Branch : 120, 1st Floor, Shikhar Complex, Jayshree Road, Junagadh.

## Ultimate Learning

જીવનમાં આવતા ઘણા બધા સંજોગો , નિર્ણયો અને મુશ્કેલી ને સરસ રીતે ડીલ કરવા માટે ઘણા બધા અલગ અલગ નુસ્ખા અજમાવી જોયા. આમાંનું ઘણું બધું શીખવાનું પપ્પા પાસેથી મળ્યું.

મારા અનુભવ પ્રમાણે લગભગ આમાંના દરેક અથવા તો લાગુ પડતી પદ્ધતિ ને જો યોગ્ય સમયે ઉપયોગ કરવાની આવડત પર માસ્ટરી મેળવી લઈએ તો આપણા જીવનને આપણે ખૂબ સારી રીત માણી શકીયે.

1. શાંત રહીને નિર્ણય લેવા.
"જ્યારે ગુસ્સામાં હોવ ત્યારે કોઈ નિર્ણય નહિ કરવો અને જયારે બહુ ખૂશ હોવ ત્યારે કોઈ commitment નહિ કરવા "

2. દરેક અગત્ય ની પરિસ્થિતિ ને "As it is" અને third person ના પરિપ્રેક્ષ્યમાં માં જોવાનો પ્રયત્ન કરો
We don't see things as they are, we see them as we are.
ઘણી વખત આપણે પરીસ્થિતિ ને "As it is" એટલે કે જેવી છે તેવી નથી જોતા અને ખાસ કરીને જયારે તે પરિસ્થિતિ માં કર્તા કે કર્મ આપણે ખુદ હોઈએ. મારો અનુભવ રહ્યો છે કે જયારે જયારે હું મારી ખુદ ને અને મારે લેવાનાં નિર્ણય અથવા problems ને સ્વતંત્ર રીતે મૂલવું છું તો હું એને વધુ સારી રીતે ન્યાય આપી શકું છું.તમે તમારા અંગત મિત્ર પાસે કઈ સલાહ લેતા હો તે રીતે જ તમારે ખુદ ને સવાલ પૂછવાના છે અને એમાં જે spontaneous (ત્વરિત) જવાબ આવે તે મોટા ભાગના કિસ્સામાં ખૂબ જ અસરકારક નીવડતો હોય છે .

3. દરેક મોટો લાગતા ગોલ કે પ્રોબ્લેમ્સ નાના નાનાં નિર્ણયોથી deal કરવાનો હોય છે તો તેને split કરવાની art વિકસાવો લગભગ મોટા ભાગના કિસ્સામાં જો મોટા પ્રોબ્લેમ માટે આપણે સીધેસીધો ઉકેલ શોધવા જઈએ તો તે ઘણું મુશ્કેલ અને કષ્ટ દાયક હોઈ શકે છે. એને યોગ્ય રીતે મુલવીને એના નાના ભાગ કરી દેવા અને દરેક ભાગ ને સ્વતંત્ર રીતે deal કરવામાં ખૂબ સરળતા પડે છે.

4. Don't keep Pending

ઘણી વાર અગત્યના અને મોટા નિર્ણય આપણે લેવાની જગ્યાએ એને ટાળતા હોઈએ છે પણ આપણે સાથે એ વાત યાદ રાખવી જરૂરી છે કે "By not taking decision we are also taking one decision for not attending the matter and we should be ready for results and consequences of same."

5. દરેક અગત્ય ના નિર્ણય ને Dialexia થી ચકાસી જુવો
અમે નાના હતા ત્યારથી ઘણી બાબતો માં પપ્પા એક exercise કરવતા, દરેક મુદ્દા અથવા choice (પસંદગીની) બંને બાજુ ને યોગ્ય રીતે ચકાસવાની. આના વિશે ની વિસ્તારથી ચર્ચા બીજા બ્લોગ માં કરીશ. (ઘણા વખત થી draft માં પડેલ છે, અહી જાહેર કરી દીધું એટલે હવે લખવો જ રહ્યો ;))

6. પોતાના ખુદમાં અને Universal Power માં વિશ્વાસ રાખો
આ કોઈ પણ વસ્તુ મેળવવા માટે ની master key છે અને પ્રથમ અને સૌથી અગત્ય નું પગલું છે. આના માટે ની વિસ્તાર થી ચર્ચા નીચેના બે બ્લોગ માં કરેલ છે. There is no Secret Ingredients The Secret

7. પ્રોબ્લેમ્સ ની સાથે સાથે જ એનું સોલ્યુશન પણ ઉદભવે છે
"Every problem contains within itself the seeds of its own solution"

જરૂરી નથી કે તમારી સામે આવેલી દરેક પરિસ્થિતિ નો ઉકેલ તમારેજ કાઢવાનો હોય છે... એક વાત નો વિશ્વાસ રાખવો જરૂરી બને છે કે કોઈ પણ સમસ્યા ગમે એટલી મોટી હોય પરંતુ એનાં ઉદ્દભવ ની સાથે સાથે જ અથવા તો તેના થી પહેલા એના નિકાલ માટે નો રસ્તો થઇ ગયો હોય છે. આ વિચાર માં વિશ્વાસ રાખીને નો તમે પ્રોબ્લેમ નો ઉકેલ શોધશો તો મારો અનુભવ એમ કહે છે કે ઉકેલ તો મળશે જ મળશે પણ તેની સાથે સાથે એની પ્રોસેસ માં પણ તમે શાંત મગજ સાથે deal કરી શકશો

8. Be consistent

આ એક સનાતન નિયમ છે. મેં ઘણા લોકો ને એમ કેહતા જોયા છે કે આ બધું કરવાથી કઈ થતું નથી અને કઈ રિઝલ્ટ નથી મળતું. ખરું જોઈએ તો આ અથવા કોઈ પણ પ્રક્રિયા માટે Consistency ખૂબ જ જરૂરી છે. ઘણી વખત આપણી ધીરજ ન હોવાના કારણે આપણે કદાચ મંજિલ ની એકદમ નજીક હોવા છતાં પણ પ્રયત્નો મૂકી દઈએ છે અને કોઈ બીજો નુસખો શોધવા લાગી જઈએ છે. જરૂરી છે કોઈ પણ ટેક્નિક સિલેક્ટ કરતી વખતે એને લગતા બધા મુદ્દા વિચારી લેવાના અને એક વખત કોઈ એક પદ્ધતિ પસંદ કરી પછી એને જ center માં રાખીને આપણા નિર્ધારિત ગોલ સુધી પહોંચવાની.

Bruce Lee એ કહેલ એક વિચાર આવો જ કઈ વાત રજૂ કરે છે.

I fear not the man who has practiced 10,000 kicks once, but I fear the man who has practiced one kick 10,000 times.



સાપરીયા પ્રજ્ઞા ડી.

# કાચનો બંગલો

અભિષેક અને અભિસારિકા એક બીજાને ખૂબજ પ્રેમ કરે છે. બને નામપ્રમાણે ખૂબજ સુંદર છે. અભિષેક ૨૧ વર્ષનો કોલેજમાં ભણતો ફૂટડો યુવાન છે. સપ્રમાણ બાંધો ધવર્ણવન અને કો ઇપણ છોકરીને જોતાજ ગમી જાય તેવું આકર્ષણ વ્યક્તિત્વ છે. જયારે અભિસારીકા પણ અભીસેક થી જરાપણ ઓછી ઉતારે તેમ નથી . હીરની જેવી ચંચળ આંખો છે. ગુલાબની પાંખડી જેવા હોઠ બંને બધા પ્રેમી ઓંની જેમ કોલેજ માં આવેલ કેન્ટી નમાં આવેલ કે કોલેજના બગીચામાં બેસીને પ્રેમની વાતો કરતા હોય છે. આવીજ રીતે એકવાર તે કોલેજ માં આવેલા બગીચા માં એક ઝાડ નીચે બેઠા બેઠા વાતો કરે છે. એક બીજાની સાથે જીવવા મારવાના વાયદા કરે છે અને એકબીજાના હાથમાં હાથ પકડીને સુખ દુખની વાત કરે છે આમ જોત જોતામાં તેમનું કોલેજનું છેલ્લું વર્ષ પૂરું થાય જાય છે. બનેનું મળવાનું ઓછુ થાય જાય છે. અભિસારીકાના ઘરમાં હવે અભિસારીકાના લગ્ન ની વાતો ચાલે છે. અભિસારિકા પૈસાદાર બાપની એકની એક છોકરી છે. એના પપ્પાનું બિઝનેસમાં ખૂબ મોટું નામ છે. જયારે અભીસેકની સ્થિતિ સામાન્ય છે. તે ગરીબ ઘરમાંથી આવતો એક સામાન્ય ઘરનો છોકરો છે. અને ત્રણ બહેનોનો એક નો એક ભાઈ છે. એક દિવસ અભિસારિકા તેના પપ્પાને અભિષેક વિષે વાત કરે છે. કે તેની કોલેજ માં સાથે ભણતા છોકરાને તે ખૂબ જ પ્રેમ કરે છે. અને તેની સાથે જ લગ્ન કરવા માગે છે. અભિસારીકાના પપ્પા પેહલતો હા પડે છે. પરંતુ અભીસેકની કરીબય વિષે જાણીય બાદ તે લંગ્ન માટે ના પડે છે. અને કહે છેકે જોતું મારી પસંદ ગીના છોકરા સાથે લંગ્ન નઈ કરેતો તારા પપ્પાનું મરેલું મોઢું જોઈ શ. અભિસારિકા આખરેતો એક દિકરીજ છે તો તેપણ બીજી દિકરીની જેમ જ પોતાના પ્રેમનું બલિદાન આપવા ત્યાર થાય જાય છે. આમ તેના પપ્પાએ તેના જેવાજ એક શ્રીમંત પરિવાર ના દીકરા આકાશ સાથે તેના લગ્ન કરાવી દીધા. આકાશના પિતા ખૂબજ શ્રીમંત છે. ટીક કાચ ના બંગલામાં રહેછે. જેમ મહેલમાં હોય તેમ મોટા મોટા ઓરડા છે. અને ખૂબજ સુંદર તેનો કાચનો બંગલો છે. નોકર ચાકર છે. ઘરમાં અને ઘરની બહાર ગાડીઓની લાઇન છે. પરંતુ આકાશ પૈસાદાર બાપનો બગડેલો નબીરો છે. દારૂ પીવો ,જુગાર રમવો, સિગરેટ પીવી ,એતેની કુટેવ છે. આકાશના આવવા લક્ષણોની જાણતો અભિસારીકાને પ્રથમ દિવસે રાત્રીનાજ થાય ગઈ જયારે ઘરમાતે મિત્રો સાથે પાર્ટીકરીને તે મોડો આવ્યો અને તેના મોઢામાંથી વા સ આવતી હતી. અભિસારીકાને ખૂબજ રડું આવ્યું અને તેને તરતજ અભીસરીકાની યાદ આવી ગાઈ . પરંતુતે બિચારી હવે કઈ કરી શકે તેમ હતી આથી તે નસીબને દોષ દેવા માંડી અને ધીમે ધીમે બધુ સારું થાઈ જશે તેમ વિચારતી ને દિવસો પસાર કરતી રહી પરંતુ આકા શતો સુધારવાને બદલે દીવે ને દિવસે બગદ્તોજ ગયો રોજ રાતના દારૂ પીઈ ને મોડા ઘરે આવવું અને અભીસારિકા કઈ કહેતો તેની ઉપર મારપીટ કરે .આ તેનો નિત્યક્રમ બનતો ગયો આવું રોજ થવાથી આખરે કંટાળી ને અભિસારિકા એક દિવસ આત્મહત્યા કરી લીધી અને મૃત્યુપામી આ દુઃખદ સમાચાર છાપામાં આવતા અભીસેકેપણ આ સમાચર વાચ્યાં અને તેને ખૂબજ દુખ થયું કાચના બંગલામાં રેહતી અની પ્રેમીકા આજે આ દુનિયામાંથી વિદાય લઇ લીધી હતી અને આજે ફરી એક બાપે એક કાચના બંગલા માટે દિકરીનો જીવ ગુમાવ્યો હતો.

-મણવર વિહારિકા



## ચાલો ભાષાનું ગૌરવ વધારીએ

આપણી ગુજરાતી ભાષા સાજીસમી છે, કે માંદી છે એ વિષય પર ભાષાપ્રેમી ઓમાં આજકાલ ગામઠડી ચર્ચા ચાલી રહી છે. કોઈ કોઈનું કહેવું એમ છે કે દુનિયાની ઘણી ભાષા ઓની જેમ ગુજરાતી ભાષા પણ મરવા માંડી છે. તો કોઈ નું કેહવું એમ છે. કે "ભાષા ના નામે છાજીયા લેવાનું બંધ કરો " જયા સુધી ગુજરાતી માણસ જીવશે ત્યાસુધી ગુજરાતી ભાષા જીવશે ગુજરાતી ભાષા ની ચિંતા કરવા જેવું નથી. આ બને પ્રકારની દલીલો એવોતે અતિવિશ્વાસ સાથે કરાય છે. કે જાણે આ સિવાય ત્રીજી હકીકત હોઈ પણ શકે.

ત્રીજી હકીકત એ છે. કે ગુજરાતી ભાષા મરવા નથી પડી કે નથી એ એટલી સાજીસમી ર હી કે જેથી એની કાળજી પણ રાખવી પડે. હાલના સંજોગોમાં ગુજરાતી ભાષાની તબિયત માટે કાઈ કેહવું હોય તો એમ કહી શકાય કે એના પર અંગ્રેજી ચરબીના થર જમતા જાય છે. " ચાલો ભાષા નું ગૌરવ વધારીએ અને એ શુભ કાર્યોની શરૂઆત આપણા થી જ કરીએ આપણા રોજિંદા વ્યવહારમાં ગુજરાતી બોલીએ તે વધારે સારું છે. હું રાહ જોઈશ એવું બોલવું પણ અઘરું નથી જ પરંતુ હું રાહ જોઈશ એવું બોલવું એ નોધણી અને પોતાના મનને સ્વીકૃતિ આપવા જેવું કામ છે. આપણા ઘણા કામ થાય છે. અને થ ઇ રહયા છે,. સુંદર મજાની ગુજરાતી ભાષા માત્ર કવિઓથી નહિ પરંતુ આપણા બધા થી જ બચશે .

અગત્યની વાત એપણ છે. કે ગુજરાતી ભાષા સાથે માત્ર વિદ્વાનો , સાહિત્યકારો ને જ નિસ્બત છે. એવું નથી પરંતુ ખેડૂત , વેપારી ,કારીગરો મજુર વગેરે ને ની સ્બત છે. ઘરમાં કામ કરતી કે ઘરની બહાર કામ કરતી બધી જ મહિલાઓને નીશ્બત છે. અમદાવાદ અને વડોદરામાં નીકળતા વરઘોડા ઓ આદિવાસી લોકોના ગીતપર મન મૂકીને નાચ તા હોય છે. આપણા પ્રેમની આવી ખૂબી ઓની અસર આપણા સાહિત્ય સંગીત કળા વેપાર, રોજગાર વગેરે પર છે.

આવી વિવિધ રીત આપણે ગુજરાતી ભાષા નું ગૌરવ વધારી શકીએ એમ છીએ અહીં મેં થોડી ઘણી વાતો કરી એ વાતો માત્ર કલ્પના પર આધારિત નથી એ વાતો જમીન પરની વાસ્તવિકતા ને અને બદલતા સમાજ ને ધ્યાનમાં રાખીને લખીએ છીએ અહી રીતની લીટી નાની કરવાને બદલે આપણે લીટી મોટી કરવાની રીત દર્શાવી છે. સમગ્ર લખાણ માં એક કસ્તુરી જળવાય છે.

- ડાંગર ધવલ



## દરેક વસ્તુને સારી સમજીએ

આપણુંમન હકીકતમાં એકદમ તટસ્થ હોય છે. અને આપણા હકારાત્મક કે નકારાત્મક વલણો કે ચુકાદાઓને નોધી લઈ તેવા જ વધુ કારણો પૂરા પડે છે.

આપણે અત્યારે કરીએ છીએ તે કાર્યમાં સમય , શક્તિ કે આવડત નો દુર્વ્યય થાય છે. તેમ માનવાને બદલે આપણેએમ માનવું જોઈએ કે જ્ઞાન, અનુભવ મેળવી હું પારંગત થઈ રહ્યો છું. આપણા મનમાં આ વાત બરાબર ઉતરી જાય ત્યાં સુધી તેને વાગોળતા રહીશું તો વધુ સારું કામ મેળવવાની શક્યતા આપોઆપ ઊભી થશે.

સુખી થવાનો એક જ રસ્તો છે. અને તે એ કે દરેક વસ્તુ ને સારી – નરસી તરીકે જોયા કરવાની આદતમાંથી મુક્ત થઈ જવાનો .

જેને આપણે ખરાબ માનતા હોઇએ તેની પાછળ પણ ઘણી વાર ઉપકારક હેતુ હોય છે. કોઈ નહિ તોય સુખદાયક અને ઇચ્છનીય શું છે. તેની એના ઉપરથી સમજણ પડી સકે છે. અને માનવજાત ની પ્રગતિમાટેના પ્રયત્ન શક્ય બને છે. આમ જે ખરાબ મનાતું હોય તે અંતે તો સારું જ હોય છે. આથી કોઈ પણ ચીજને નકામી કે ખરાબ ગણી કાઢવી નહિ અને બીજાઓ એમ કેહતા હોય તો તેમને સાથ આપવો નહિ .

આપણી સભાનતાને સુધારવા માટે આપણી , આપણા પતિ કે પત્ની ની અને આપણા જીવનની સારપને હંમેશા સક્ષમ રાખવી .

આપણી યાદશક્તિ નબળી છે. એવી બૂમો પડવાને બદલે જે બધી ચીજો આપણે સહેલાઈથી યાદ રહેતી હોય તેના ઉપર ધ્યાન આપીએ વધુ ને વધુ વિગતો યાદ રાખવા પ્રયત્નશીલ રહીએ અને આપણી જાતને કેહતા રહીએ કે મારી યાદશક્તિ સારી છે. સુધરી રહી છે. ધીરજ રાખીમાંથી શું તો સફળતા અંગે શંકા ને કોઈ સ્થાન નથી .



જોઈસર નિરાલી

# * વાર નથી લાગતી .......*

જિંદગી એક ખોજ છે,મોજ થી જીવી લ્યો યારો
બાકી મોત આવતા વાર નથી લાગતી ....
ક્ષણની તો આ વાત છે ,
બાકી, બાળપણને જતાં વાર નથી લાગતી ...

કોણે કહ્યું છે, જામમાં છે ગમ
ચઢતા એને  વાર નથી લાગતી...
વીજળીના ટકાર પછી,
વાદળને વરસાદ બનતા વાર નથી લાગતી

ઓળખાણ ક્યાં હતી આપણી ,
આ તો  કુદરત ની કરામત છે ,
બાકી,પારકાને પોતાના થતા વાર નથી લાગતી ...

મૂંજાય છે શું મનમાં ,સમય જતાં વાર નથી લાગતી...
રહી જશે મનની મનમાં
બાકી, અમાસને પણ પૂનમ થતાં વાર નથી લાગતી....

કહે છે લોકો બધા કે ,કઈંક બનવા માટે સમય લાગે ઘણો...
પરંતુ કહું છુ હું, ધગશ હોવી જોઇયે મનમાં
બાકી ,અહી ચા વાળા ને પણ પ્રધાન્ મંત્રી બનતા વાર નથી લાગતી

ઘણી વાર લાગે છે મારે કવિતા લખતા ,
કેમ કે હું કવિ તો છું નહીં
બાકી કોઈ માટે કવિતા લખવા બેસીએ ,
તો લખતા વાર નથી લાગતી ....

-



- રાઠોડ શૈલેષ




અસંખ્ય ખ્યાતનામ સંસ્થાઓને ખુંદીને તૈયાર કરેલ વૈવિધ્યપૂર્ણ અભ્યાસક્રમ અને અન્ય કાર્યક્રમોનો અમલ.

અભ્યાસક્રમને સુદ્રઢ બનાવવા પાઠ્યપુસ્તક સાથે સરળ અને સચોટ પૂરક શૈક્ષણિક સાહિત્ય.

ઉચ્ચ શિક્ષણ પામેલા તાલીમી, અનુભવી અને માયાળુ શિક્ષણગણ.

શિક્ષણને સમૃદ્ધ બનાવવા માટે ઓડિયો વિઝ્યુઅલ સાધનો, મોડેલ્સ, ચાર્ટસ, કમ્પ્યૂટર વગેરેનો મહત્તમ ઉપયોગ.

શાળા માટે ભવ્ય પ્રેરણાદાયી શાળા બિલ્ડીંગ, જેમાં પૂરતા હવા ઉજાશવાળા અને આધુનિક સુવિધાથી સજ્જ વર્ગ ખંડો.

છેલ્લા પાંચ વર્ષ થી...
S.S.C. બોર્ડનું શાળાનું પરિણામ.... 95% કે તેથી વધારે
H.S.C. બોર્ડનું શાળાનું પરિણામ....
છેલ્લા ત્રણ વર્ષ થી 100%

# શ્રી યુનિવર્સલ સ્કૂલ

બાલમંદિર તથા ધોરણ ૧ થી ૧૨ (ગુજરાતી માધ્યમ)

ચંદ્રેશનગર મેઈન રોડ, મવડી પ્લોટ,
રાજકોટ-૩૬૦ ૦૦૪.

: 0281 2380998 : 8000100960
: www.shreeuniversalschool.com

# બ્રિલિયન્ટ સ્કૂલ

બાલમંદિર તથા ધોરણ ૧ થી ૧૨ (ગુજરાતી માધ્યમ)

મવડી રીંગ રોડ ચોકડી પાસે, જીત્રીયા હનુમાન મંદિર સામે,
રાજકોટ-૪. ફોન : ૨૩૭૦૮૭૦

: 0281 2370870 : 9429485655
: www.brilliantschoolrajkot.com

# ગણિત-ગમ્મત

## *બે આંકડાની સંખ્યામાં દશક-એકમના આંક અરસ-પરસ બદલવા *

- બે અંકની કોઈ સંખ્યા ધારો (જેમ કે 62)
- દશકના અંકમાથી એકમનો અંક બાદ કરો (6-2=4)
- પરિણામ ને 9 વડે ગુનો (4*9=36)
- પરિણામ ને મૂળ સંખ્યામાંથી બાદ કરો (62-36=26)
- 62 ના અંકો બદલાય ને 26 થઇ ગયા
- આવું કોઈ પણ બે અંક ની સંખ્યા લઇ ને થઇ શકે

## *હંમેશા પરિણામ 5 જ આવે*

- કોઈ સંખ્યા ધારો (3)
- તેના બમણા કરો (3*2=6)
- તેમાં 10 ઉમેરો (6+10=16)
- તેના અડધા કરો (16/2=8)
- તેમાં થી ધારેલી સંખ્યા બાદ કરો (8-3=5)
- આમ કોઈ પણ સંખ્યા ધારતા જવાબ 5 જ આવશે.

## *ચાર ક્રમિક સંખ્યાની ગમ્મત*

વચ્ચેની બે સંખ્યાના ગુણાકાર માથી પહેલી અને ચોથીનો ગુણાકાર બાદ કરતાં તફાવત હંમેશા 2 રહે છે .

- 1234=(2*3)-(1*4)=2
- 4567=(5*6)-(4*7)=2
- 2345=(3*4)-(2*5)=2

- પટેલ ક્રિષ્ના



( હાસ્ય ગીત )

પ્રભુ મારા દુખના દાડા
કેમ કરીને મેતો વિતાવીય
પ્રભુ મારા દુખના દાડા
કેમ કરીને મેતો વિતાવીય
એક રૂપિયાની ચોકલેટ લીધી
ખોલતા આવડે નઈ
જેમ તેમ કરી ચોકલેટ ખોલી
ચોકલેટ પડી ગઈ .... પ્રભુ .....
પાચ લાખનું મકાન લીધુ
મકાનમાં લાઈટ નઈ
જેમ તેમ કરી લાઈટ લીધી
ભુકંપ આવી ગયો ... પ્રભુ ...
લાખ રૂપિયાની ઓડી લીધી
ચલાવતા આવડે નઈ
જેમ તેમ કરી ચલાવતા શીખી
ડોશી પીલે ગઈ પ્રભુ ....
ડોશી ને તો સ્મશાન લઈ ગયો
સ્મશાન માં લાકડા નઈ
જેમ તેમ કરી લાકડા લાવ્યો
ડોશી ઊભી થઈ .... પ્રભુ ..........
પ્રભુ મારા દુ:ખ ના દાડા ,
કેમ કરી મેં તો વિતાવ્યા .



- સાવલિયા
અક્ષય

ગુજરાતી એક છાપ

ગુજરાતી એક ભાષા જ નહી
ગુજરાતી એક છાપ છે .
ગાંધી ગુજરાતી , સરદાર ગુજરાતી,
ગુજરાતી મોરારીદાસ હરિયાની છે
વંદન છે આવા ગુજરાતીઓં ને
ગુજરાતી એક ....
નરસૈયો ગુજરાતી , નર્મદ ગુજરાતી ,
સવાઈ ગુજરાતી કાકા સાહેબ છે .
ગર્વ છે ગુજરાતી ભાષાનો મને .
ગુજરાતી એક ....
વિક્રમભાઈ સારા ગુજરાતી, ધીરુભાઈ ગુજરાતી
ગુજરાતી જામ રણજીતસિહજી છે .
ગુજરાતી છે આવા ગુજરાતીઓં થાકી ...
ગુજરાતી એક ....
ગુજરતમાં સોમનાથ , દ્વારકા ગુજરાતમાં
સીડી સૈયદની જાળી અહી વખણાય છે
સર્વધર્મ સમભાવ ગુજરાતમાં ,
આવી પવિત્ર ભૂમિ કહેવાય છે
ગુજરાતી એક ....
'સંજય ' કહે ભાઈ ,
તું ગુજરાતી , હું ગુજરાતી
આવ ભાઈ કરીએ જલ્સા
આપને સૌ ગુજરાતી
ગુજરાતી એક ભાષા જ નહી ,
ગુજરાતી એક છ છાપ

-સંજય જોશી



## HISTORY OF YOUTUBE



You tube ની સ્થાપના ચેડ હર્લી , સ્ટીવ ચેઇન અને જાવેદ કરીમ દ્વારા સ્થાપના કરવામાં આવી હતી. જે શરૂઆત પેપાલ ( pay pal) કર્મચારીઓ હતા. pay pal પહેલા હર્લી પેન્સિલવેનિયા ઇન્ડિયનં યુનિવર્સિટી ખાતે અભ્યાસ કર્યો હતો. ચેઇન અને કરીમ અર્બાના - કેમ્પસ ખાતેની યુનિવર્સિટી ઓફ ઇલિનોઇસ ખાતે મળીને કમ્પ્યુટર વિજ્ઞાનનો અભ્યાસ કર્યો હતો. You tube નું શરૂઆતનું વડું મથક San mateo (સાન માટો), કેલિફોર્નિયામાં આવેલું છે. You tube નું ડોમેન નામ "You Tube.com" ફેબ્રુઆરી 14, 2005 ના રોજ કાર્યરત થયું હતું અને વેબસાઇટ ત્યારબાદના અનુગામી મહિનાઓમાં વિક્સાવવામાં આવી હતી. You Tube એક કામચલાઉ ઓફિસમાંથી એક દેવદૂત ભંડોળથી ચાલતી Enterprise તરીકે શરૂ કરવામાં આવી હતી.નવેમ્બર 2005 માં સાહસ પેઢી સિકવોઈયા કેપિટલ પ્રારંભિક $3.5 મિલિયનનું રોકાણ કર્યું હતું.

-સપરિયા ઉમંગ

---

## ઉદારદિલ રાજા



એક રાજ્ય હતું . તેમાં એક રાજા રાજ કરતો હતો. રાજા ખૂબ જ દયાળુ હતો . અને પ્રજાને ખૂબ પ્રેમ કરતો હતો . પ્રજા પણ આ રાજા માં ખૂબ ખુશ હતી. આ રીતે શાંતિથી રાજપાટ ચાલતું હતું

એક દિવસ રાજાને વિચાર આવ્યો કે માર રાજ્ય માં કોઈ દુઃખી તો નથી ને ? રાજાએ એ જાણવા નક્કી કર્યું. તે રાતે વેશપલટો કરીને રાજ્યમાં જાણવા માટે નીકળ્યો કે કોઈ મારા રાજ્ય માં દુઃખીતો નથી ને થોડે દુર એક ઝૂપડીમાં કોઈના રડવાનો અવાજ આવ્યો રાજા ઝૂંપડી તરફ ગયા અને તેણે જોયું કે એક વૃદ્ધ માંજીતેમના બાળકોને કહી રહી હતી કે બેટા થોડીવારમાં જમવાનું બની જશે પછી જમીને સૂઈ જઈએ.

રાજા એ જોયું ક માજી ચૂલા પર એક તપેલામાં પાણી નાખી તેમાં પથ્થરો નાંખી પકવતા હતા રાજા અ દ્રશ્ય જોઇ ને માજીને પૂછયું માજી આ તપેલામાં પાણીની સાથે પથ્થરો નાંખી કેમ પકાવો છો. ? માજી એ કહ્યું શું કરું ભાઈ મારાથી કામ કરી કામાઈશકું એવી હાલત નથી અને આ રાજાને તો રાજ્યમાં શું થાય છે. તેની કઇ પડી જ નથી એટલે હું બાળકોને સમજાવી ને સૂવડાવી રહી છું.

રાજા આ વાત સંભાળી જતા રહ્યા થોડીવાર પછી તે ખુદ પોતાની પીઠ પર એક લોટ ની બોરી લઈ માજી ની ઝૂંપડી એ આવ્યા. માજીને બોરી આપી તેણે કહ્યું , માંજી આ લોટમાંથી જમવાનું બનાવી તમે અને તમારા બાળકો જમી લો માંજી એ કહ્યું ભાઈ તમારી જેમ કદાચ અમારા રાજ્ય ના રાજા પણ અમને આ રીતે મદદ કરતા હોત તો કેટલું સારૂં. રાજા કઈ પણ બોલ્યા વગર જતા રહ્યા . આવા હતા ઉદાર દિલના અને પ્રજા માટે ચિંતાતુર આ રાજ્ય ના રાજા હતા .

-બાદી નાઝમીન

# ગીત

કક્ષા મે ચિલ્લાતે હે સદા (2)
લેકિન આજ બહુત ખામોશ હે
જુદાઇ કી ઇસ વેલા મે નહિ કિસીકા દોષ,
આંખોમે અસ્ત હે (2) મગર હોઠ પે મુસ્કાન હે
જીનકો વિદાઇ દે રહે હે હમ યે હમારી શાન હે
બચ્ચો કી તરહ પાલા થા જીન્હે ,
આજ છોડને કો મજબૂર હે
ગિલે સિકવે સબ ભૂલ જાઓ આજ સબ બેકસૂર હે
આંખોસે તુમ દૂર હો રહે હો ,
પર દિલમે સદા બસતે રહોગે
હમારી દુઆએ સાથ હે જિંદગી મે સદા હસતે રહોગે
અસહનીય વેદના સે દિલ કે ટુકડે ચટકને લગે હે ,
જુદાઇ કે નામ સે અશ્ક આંખો સે ટપકને લગે હે
પાની બનકે નિકલ રહે હે જો અનકહી બાતે દિલમે હે
દુઆ કરતે હે (2) આપકો સફલતા કે ખજાને મિલેંગે.



...........અપારનાથી દિક્ષિતા

# ટૂંકી વાર્તા



## * ટૂંકા ગાળાનું આયોજન *

એક નૈતિક શિક્ષણ ના વર્ગમાં ચર્ચાનો વિષય હતો. સ્વર્ગ , સ્વર્ગનાં સૌંદર્ય તથા આનંદનું વર્ણન કરીને શિક્ષકે કહ્યું, " અને, હવે, વર્ગમાંનાં જેઓ સ્વર્ગમાં જવા ઇચ્છતા હોય તેઓ હાથ ઊંચો કરે." રાજુ સિવાય બધાયે તેમ કર્યું. " શું વાત છે રાજુ, તું સ્વર્ગમાં જવા નથી ઇચ્છતો ?" શિક્ષકે પૂછ્યું. તેને ઉદાસીનતાથી કહ્યું, " હું ન જઇ શકુ...." " મમ્મીએ મને શાળાએથી સીધા ઘરે આવવા નું કીધું છે."

બોધ: દૂરના ભવિષ્યની કલ્પના કરવા કરતાં વર્તમાન પર ધ્યાન કેન્દ્રિત કરવું તે વધારે સારું છે...

............અંજલી દેશમુખ

## પ્રશિક્ષાર્થીઓની ચિત્રકલા



Created by: Jadeja Shailajaba



## મારો શિક્ષક

કલમ નો હોય " ક " કે હોય ગણિત નો સરવાળો
વહાલથી સઘળું શીખવે છે. એવો છે શિક્ષક મારો.
મિત્રની જેમ સાથે રહે છે. ગમે છે તેનો સાથ વારો
માથે સદા હાથ રાખે છે , એવો છે. શિક્ષક મારો .
ટાઢક મળે જેની સમીપે , છે એવા વૃક્ષ નો છાયડો
મદદ કરવા આગળ રે તો , એવો છે શિક્ષક મારો .
થઈ જાય જો ભૂલ જો મુજથી , તો દે તો ના એ ડરો
પ્રેમથી સાચા માર્ગે વળતો , એવો છે શિક્ષક મારો .
પેહલા ગુરુ માં બાપ મારા , છે. કેટ કેટલા ઉપકારો
એમની સાથે નામ જેનું આવે , એવો છે શિક્ષક મારો
લાગે ટૂંકા રાત – દિવસ ને પડે ટૂંકો આ જનમ મારો
તોય ના ચૂકાય ઋણ જેનું , એવો છે શિક્ષક મારો .



\- ગોહેલ પૂજા

---

## આજની દશા

જ્યાં જુઓ ત્યાં બેઠા બેઠા ટચ કરે,
ઊંધુ જોઇને આખી દુનિયાને સર્ચ કરે.
ઉઠે તો શ્લોકના બદલે Whats app કરે,
જ્યાં જુઓ ત્યાં સૌના ફોટા મેચ કરે.
તેના લીધે ઘરમાં યુધ્ધના રણશીંગા વાગે,
પત્ની વાસણ ફેંકેને પતિ તેને કેચ કરે.
બધા મેકઅપ કરી ફેસબુક પર ફોટા મુકે,
કાંઇક નવુ મળે તો ચેલેન્જ કરે.
છોકરાને એક રૂપિયો પણ ન આપે,
ને ઇન્ટરનેટ માં હજારોનો ખર્ચે કરે.
દુનિયાનો ટચ કરતા નજીકનાં દૂર ગયા,
સૌને એક જ વિનંતી કે પોતાનાને સર્ચે કરે.



\- પટાટ પાયલ

## કવિતા

આ વાત છે મારી તમારી
માની મમતા છે સૌથી ન્યારી
માં ના અંતરની ઊર્મિને જેને જાણી
તેને જ માની મમતા જાણી
બધુ જ મળી રહે છે દુનિયામાં
પણ નથી મળતી યે માં પ્યારી
કડવીવાણી બોલતા પેલા વિચારજો
તમારી પણ એવી જ બની જાય કહાની
જરા પણ જો હોય સમજદારી તો
કરજો એના સન્માનની જાળવણી
સેવા કરી ને લાહવો લેશો તો
મળશે અમૃતરૂપી આશિર્વાદ .



- સરાવાડીયા શ્રદ્ધા

પણ ધરતીનો છેડો કયા છે.
તેની જાણ કોને થવાની ?
આ દુનિયામાં આવ્યા છે તો,
કૈક મેળવીને જવાના પણ,
આ દુનિયામાં શું ગુમાવીને જાશું,
તેની જાણ કોને થવાની ?
જીવનમાં કેટલું જીવશું તે મહત્વનું ગણાય છે,
પણ કેવું જીવીને જાશું,
તેની જાણ કોને થવાની ?
જિંદગી રૂપી ગાડીતો જીવનમાં આવવાની જ છે,
પરતું ક્યા બ્રેક લાગી જશે,
તેની જાણ કોને થવાની ?

-જોગલ શાંતિ



## <u>સમય નથી</u>

જીવનમાં કઇંક મેળવવું છે,પરંતુ સંઘર્ષ કરવાનો સમય નથી.
સ્વપ્ન સાકાર કરવા છે,પરંતુ પુરુષાર્થ કરવાનો સમય નથી .
જેમ ચોમેર સુગંધ પ્રસરાવી છે,પરંતુ પરાગરજ બનવાનો સમય નથી .
સંબંધોના મર્મજ્ઞ બનવુ છે,પરંતુ સંપર્ક માં રહેવાનો સમય નથી .
આદર્શ વાલી બનવુ છે,પરંતુ બાળકો સાથે ચર્ચા કરવાનો સમય નથી.
મેળવવું છે સ્થાન હરિના ચરણોમાં,પરંતુ હરી ભજવનો સમય નથી .
છેલ્લે સેજલ કહે છે લખવું છે ઘણું,પરંતુ કલમ ચલાવવાનો સમય નથી .

- ચોટલીયા સેજલ



## RMTS



ધક્કામુક્કી થી ભરેલી છલોછલ ,

નાના – મોટા સૌ કરે કલોલ ,

ક્યારેક નિયમિત તો કયારેક અનિયમિત ,

સુવિધા , સંખ્યા હોય તેમાં સિમિત ,

વિદ્યાર્થી ને વૃદ્ધો માટે નવી સ્કીમ

જેની આતુરતાથી રાહ જોવડાવે ,

કોલેજ મોડા પહોચી તો સજા દેવડાવે .

અવ્યવસ્થામાં પણ આનંદ અપાવે,

નવાનવા અનુભવ કરાવે ,

જીવનમાં વ્યવહારુ જ્ઞાન શીખવાડે .

સૌને એક આવી મુસાફરીનો લ્હાવો લેવો,

RMTS માં મફત હિંચકાનો અનુભવ કરાવે .

-જાડેજા બીનાબા

## Life!!



The words I speak will shape my life,
The moves I make will let me stand high,
The work I do will get me a reward.

Many options I see before me,
But only one change of choose,
The future will reflect the path
I choose now.

Every time I look at the mirror,
I meet surprises, different each second,
I have realized life is full of surprises.

**-Poshiya puja**

મહેલ ને દિપાવવા
"થશે સરખામણી તો ઉતરતા છીએ
પરંતુ તમને ઉચે ઉપાડવા
પલ્લું નીચે રાખીશું અમારું
થશે સરખામણી તો મામૂલી છીએ.
પરંતુ તમને આપવા આનંદ
વરસાવી દેશું લાગણી અમારી
થશે સરખામણી તો શૂન્યમનસ્ક છીએ
પરંતુ તમને વ્યકત કરવા લાગણીના
શબ્દોની સરવાણી શોધી શું અમે
થશે સરખામણી તો નિસ્તેજ છીએ
પરંતુ તમારા મહેલને દિપાવવા
જલાવી દેશું ઝૂંપડી અમારી



- જેજરિયા આશા

## * ઝંખના *



ચાંદને પામવાની ઝંખનામાં લોકો એજ તો
ભૂલી જાય છે
ઘરમાં રોશની માટે દિપક જ
જલી જાય છે.
કમળ ને પામવાની ઝંખના માં લોકો એજ તો
ભૂલી જાય છે
મનને મહેકાવતી ફોરમ તો માત્ર ગુલાબ જ
છોડી જાય છે
દરિયા ને પામવાની ઝંખનામાં લોકો એજ જ
ભૂલી જાય છે
તરસ છીપાવવા દરિયો નહી પણ વીરડો જ
અમૃત બની જાય છે.
મોટાઓની મોટપ ને પામવાની ઝંખના માં લોકો એજ તો
ભૂલી જાય છે
નાનાઓની પવિત્ર લાગણીઓની આહુતી
અપાય જાય છે.

માંડાણી હેતલ

---

સાહિત્ય



આવી બેઠી ચકલી, મારા આંગણે.
આવી બેઠી ચકલી, મારા આંગણે.
ઉનાળાના એ કપરા દિવસો ની બપોરે
આવી બેઠી ચકલી, મારા આંગણે.
તડફડતી તરસતી એ નાનકડી ચકલી
આવી બેઠી ચકલી, મારા આંગણે.
મેં મારા આંગણામાં રાખ્યો હતો કુંજો
આવી બેઠી ચકલી, મારા આંગણે.
એ કુંજો નું પાણી પીને ચકલી ની પ્યાસ બૂઝી
આવી બેઠી ચકલી મારા આંગણે.
ચકલી ની અંતર પ્યાસ બૂઝી સાથે મારા અંતર ને થઈ શાંતિ
આવી બેઠી ચકલી, મારા આંગણે.

-કટારીયા માનસી

સ્થાપના વર્ષ - ૨૦૦૨

પંચશીલ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત

# પંચશીલ વિદ્યાભવન

આર.ટી.ઓ. સામે, પેડક રોડ, શકિત સોસાયટી, રાજકોટ-૩. ફોન નં. (૦૨૮૧) ૬૫૪૭૨૧૨



## પંચશીલ વિદ્યાભવનમાં ચાલતા શૈક્ષણિક કોર્ષ

- પંચશીલ કોલેજ ઓફ એજ્યુકેશન (બી.એડ્.)
- સરસ્વતી વિદ્યાલય ધો. ૧ થી ૮ (માલીયાસણ)
- સંસ્કારલક્ષ્મી જ્ઞાનમંદિર (ગ્રાન્ટેડ) ધો. ૯ થી ૧૦ (માલીયાસણ)
- પંચશીલ માધ્યમિક શાળા (ધો.૮ થી ૧૦)
- પંચશીલ પ્રાથમિક શાળા ધો. ૧ થી ૭
- પંચશીલ બાલવાટીકા, નર્સરી થી H.K.G.
- પંચશીલ કન્યા છાત્રાલય

❖ ટ્રસ્ટીશ્રીઓ ❖

શ્રી શૈલેષભાઈ વોરા — શ્રી મનસુખભાઈ કોદાળા

શ્રી નીતીનભાઈ વોરા — શ્રી ઝવેરભાઈ રંગાણી

શ્રી રવજીભાઈ કોરાટ

❖ સંલગ્ન સંસ્થાઓ ❖

- માસુમ વિદ્યાલય-રાજકોટ
- રોયલ સ્કુલ્સ-રાજકોટ
- વિવેકાનંદ વિનય મંદિર -જસદણ

# રાહ જોઈને બેઠો છું

મારી જિંદગીની અમૂલ્ય પળો હું સાચવીને બેઠો છું
સાવ એકલો છું છતાં પણ હું સંતાયને બેઠો છું
સંતાકૂકડી ના ખેલ ની માફક કોઇની રાહ જોઈને બેઠો છું

આકાશમાં પેલા તારા ટમટમતા જોઈને બેઠો છું
તેની પાસે જવાના અભરખા લઈને બેઠો છું
હું વૈજ્ઞાનિક તો નથી છતાં પણ રાહ જોઈ ને બેઠો છું

સમુદ્ર કેરા કિનારે લહેરો જોઈને બેઠો છું
પેલે તે પાર કોઈક હશે તેની રાહ જોઈને બેઠો છું
હું નાવિક તો નથી છતાં પણ નાવ લઈને બેઠો છું

દિવાને ખાસમાં પ્રશ્નોના જવાબ લઈને બેઠો છું
કોઈકતો પ્રશ્નો લઈને આવશે તેની રાહ જોઈને બેઠો છું
હું રામ તો નથી છતાં પણ રાજગાદી પર બેઠો છું

આ જિંદગીના હું સપનાઓ જોઈને બેઠો છું
છતાં એવું કેમ લાગે છે કે કોઈક આવશે એની રાહ જોઈને બેઠો છું
હું કવિ તો નથી છતાં પણ આ કવિતા લખી બેઠો છું



છેલાણા વિજય

## *YOU HAVE GOT A FRIEND*

*You have got a friend*

when you are down and troubled,

And you need some loving care,

And nothing, nothing is going right ,

Close your eyes and think of me,

And soon I will be there ,

To brighten up even your darkest night .

You just call out my name ,

And you know ,where I am ,

I 'll come running to see you again ,

Winter ,spring ,summer or fall ,

All you have to do is call,

And I'll be there ,

You have got a friend....

If the sky above you ,

Grows dark and fall of clouds ,

And that told north wind,

Begins to blow,

Keep your head together ,

And call my name out loud,

Soon you will hear me,

Knocking at your door,

And I 'll be there

You have got a friend.....

-Manali Pankhaniya



હું પૃથ્વી ને સ્વર્ગ બનાવીશ

અસત્ય ક્યારેય કહીશ નહિ ,
જે બોલીશ એવું જ કરીશ .
દરેક જીવને ભગવાન માનીને ,
હું પૃથ્વીને સ્વર્ગ બનાવીશ .
જે થાય છે તે સારું થાય છે ,
એટલુ હું સમજાવતો જઈશ .
ચિતાં નહિ પણ ચિતન કરીને ,
હું પૃથ્વી ને સ્વર્ગ બનાવીશ .
બીજાના બોજને માથે લઈ ,
હસતો રહીશ ને હસતા રાખીશ .
એક દિવસ તો જરૂર
હું પૃથ્વી ને સ્વર્ગ બનાવીશ .
દોલત પાછળ દોડીશ નહિ ,
જે મળ્યું તેનાથી સંતોષ માનીશ .
બસ એક જ છે ઈચ્છા હવે ,
હું પૃથ્વી ને સ્વર્ગ બનાવીશ
મૃત્યું થી કયારેય ડરીશ નહિ,
મને ગમે એવું કર્મ કહીશ .
જ્યાં સુધી જીવું ત્યાં સુધી ,
હું પૃથ્વી ને સ્વર્ગ બનાવીશ .



-ડાંગર પરેશ

મને થયો છે.....

મને થયો છે તેની સાથે પ્યાર
પણ કેવી રીતે કરૂં એકરાર
લાવ એને કુઇ દઉ એવો આવે જુસ્સો
ત્યાં યાદ આવે છે તેનો ગુસ્સો
સાંભળીને તેની વાણી
થાય છે બનાવી લઉ મારી રાણી
જો સમાજ હશે નેક
તો અમે થઈશું એક
ટીવીમાં જોઇને નેતિક ની અક્સરા
મને યાદ આવે છે મારી અપ્સરા
આ કેવો થયો મને રોગ
મારા અભ્યાસનો લેવાઈ ગયો ભોગ
શું મને સાચે જ થયો હશે પ્રેમ
કે હશે મારો આ કોઈ વહેમ



-દાસા અરજણ

# રાજકોટમાં સૌ પ્રથમવાર અકલ્પનીય વ્યાજબી કિંમતે ઉતમ ક્વોલીટી



બેડરૂમ સેટ ફક્ત
રૂા.૨૯,૪૯૯/- થી...

૧, ૨ અને ૩
ડોરનાં કબાટ
ઉપ્લબ્ધ



તા.૩ થી ૫
દરમ્યાન શો-રૂમ
પર વિઝીટ
કરનારને એક
શ્યોર ગીફ્ટ



૩ વર્ષની
વોરંટી

ચેર રૂા.૨૩૯૯/-
થી...

કબાટ
રૂા.૫,૯૯૯/- થી...

પહેલો માળ, અંબીકા કોમ્પ્લેક્સ, સીટી બસ
પાર્કિંગ પાસે, રૈયા ચોકડી પાસે, ૧૫૦ ફુટ
રીંગ રોડ, રાજકોટ. । મો. ૯૯૦૯૨ ૧૪૪૯૨

excellent
customer services

### હિન્દી ભાષા અને સાહિત્ય માટે વેબસાઈટ

1. hindisahityadarpan.in
2. vimisahitya.wordpress.com
3. hindiforyou.blogspot.in
4. www.rachankar.org
5. hindigrammarlearn.com
6. www.hindikunj.com
7. www.youtube.com/user/successcds1/playlists

### સંસ્કૃત ભાષા અને સાહિત્ય માટે વેબસાઈટ

1. Sanskrit.worpress.com
2. samskrut.blogspot.in
3. ashvinvarmora13.blogspot.in
4. learnsanskrit.wordpress.com
5. sanskritdocuments.org
6. subhashitani.com
7. balsanskar.com
8. www.sanskritdeepika.org

### ગુજરાતી ભાષા અને સાહિત્ય માટે વેબસાઈટ

1. www.gujaratisahityaparishad.com
2. gujaratisahityasarita.org
3. readgujarati.com
4. gujaratikavitagajal.com
5. aksharnaad.com
6. gujaratilexicon.com
7. www.bhagwadmandal.com
8. www.vishwakosh.org
9. gujaratikavita.com
10. www.pustakalay.com
11. www.tahukar.com
12. www.gurjardesh.com
13. pustakalay.com

### ઈતિહાસ અને ભુગોળ માટે વેબસાઈટ

1. ancientindia.co.uk
2. www.harappa.com
3. historytuition.com
4. teacherofindia.org
5. worldhistorysite.com
6. knowindia.gov.in
7. vimitihas.wordpress.com
8. historyindia.com
9. www.youtube.com/user/unacademy/playlists

### ગણિત અને વિજ્ઞાન માટે વેબસાઈટ

1. www.khanacademy.org
2. www.math.com
3. www.mathpuzzle.com
4. www.mathsisfun.com
5. www.arvindguptatoys.com
6. science-fair-guide.com
7. video.nationalgeographic.com
8. coolmath4kids.com
9. sciencebob.com
10. funbrain.com
11. howstuffworks.com
12. scienceproject.com
13. science-animations.com
14. www.doscience.com
15. onlinemathlearning.com

# કેટલીક શૈક્ષણિક વેબસાઇટની યાદી

### શૈક્ષણિક સમાચાર, ભરતી અને સામાન્ય જ્ઞાન માટે વેબસાઇટ

1. jjkbed.blogspot.com
2. www.marugujarat.in
3. www.rijadeja.com
4. www.baldevpari.com
5. www.bhaveshsuthar.com
6. www.edusafar.com
7. www.mehulrathava.com
8. abhyaskram.blogspot.com
9. www.cybersafar.com
10. www.pariksha.blogspot.com
11. gkgujarat.wordpress.com
12. www.pratiyogita.net
13. brijesh1010patel10.blogspot.in
14. pgondaliya.blogspot.in
15. mygujarat.net
16. emagazine.pdgroup.com
17. nikhilrpatel.blogspot.com
18. gujaratschoolsecontent.org
19. www.gujaratquiz.in
20. www.gyani.org
21. www.ted.com
22. www.youtube.com/user/IkenEdu/playlists

### અંગ્રેજી શીખવા માટે વેબસાઇટ

1. www.shabdkosh.com
2. www.studyingon.com/spokenenglish
3. www.eslgold.com
4. www.ego4u.com
5. www.tolearnenglish.com
6. www.englishcurrent.com
7. www.edufind.com
8. 4essay.blogspot.in
9. tolearnenglish.com
10. learnenglish.britishcouncil.org

### સોફ્ટવેર ડાઉનલોડ કરવા માટે વેબસાઇટ

1. download.cnet.com
2. sourceforge.net
3. filehippo.com
4. pcworld.com
5. brothersoft.com

### વાણિજ્ય સંબંધી વેબસાઇટ

1. www.economist.com
2. commerce.nic.in
3. www.accountingcoach.com
4. www.youtube.com/user/IkenEdu/playlists
5. moneyinstructor.com
6. economictimes.indiatimes.com


SMT. J. J. KUNDALIA GRADUATE TEACHERS' COLLEGE, RAJKOT
2016-18 BATCH


MAHATMA GANDHI CHARITABLE TRUST SANCHALIT
Smt. J.J. KUNDALIA GRADUATE TEACHERS' COLLEGE RAJKOT, 2015-17